શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજનનું મુખપત્ર

# કચ્છ વાગડ ખબર પત્રિકા

KUTCH VAGAD KHABAR PATRIKA RNI NO. : MAHGUJ/2006/17870 તંત્રી : લક્ષ્મીચંદ પોપટલાલ ચરલા

વર્ષ : ૧૦ ▫ અંક : ૨૪ ▫ સળંગ અંક : ૨૭૩૪ ▫ પાના : ૧૬ સૂર્યોદય : ૬.૧૦ www.kutchvagad.com સૂર્યાસ્ત : ૭.૦૧ સં. ૨૦૭૨ : ચૈત્ર વદ–૦)), શુક્રવાર, તા. ૬ મે, ૨૦૧૬

કાર્યાલય : શ્રી પરિમલ II, ૧૦૩, ૧લે માળે, દફતરી રોડ, મલાડ-ઈસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૯૭. ✼ ફોન : ૨૮૮૧૪૩૪૬, ૨૮૮૨૪૩૪૬ ✼ ફેક્સ : ૨૮૮૮૪૩૪૬ કિંમત : રૂા. ૨/-

## મરણખબર



રવના જોમાબેન મુરજી થાવર છેડા ઉં.વ. ૮૫. સાનપાડા-વાશી મધ્યે અવસાન પામેલ છે. સ્વ. મુરજીના પત્ની. સ્વ. રત્નાબેન થાવરના પુત્રવધૂ. સ્વ. રમણીક, સ્વ. અમરશી, મેઘજી, દિપક, મંજુ, હેમલતા, સ્વ. પ્રેમીલા, સ્વ. રંજનના માતુશ્રી. મંજુબેન, મંજુબેન, ઈશ્વર, ધનજીના સાસુ. રાજ, અભિષેક, દેવાંગ, રવાક્ષીના દાદીમા. સ્વ. પુંજાલાલ, સ્વ. પોપટ, ગં.સ્વ. લક્ષ્મી, મણીબેનના ભાભી. ગં.સ્વ. મણીબેનના જેઠાણી. જયંતીલાલના મોટીમા. નયનાના કાકીસાસુ. બિપીન, રૂષભ, જસ્મીના, રીંકલના મોટા દાદી. મયુરના મોટા દાદીયાણ સાસુ. સ્વ. સવજી, સ્વ. ખીમજી, સ્વ. કામલ, સ્વ. રૂપા, સ્વ. રત્ના, સ્વ. જેઠીના ભત્રીજાના ઘરેથી. સ્વ. રતી, સ્વ. મોંઘી, સ્વ. મોંઘી, સ્વ. નરપાર, સ્વ. ગાંગજી, સ્વ. જુઠાલાલના ભત્રીજાના ઘરેથી. સ્વ. સોમાબેન, સ્વ. દિવાળી, લક્ષ્મી, પ્રભા, રસીક, ચંદુલાલ, કેશર, સં.પ.પ.પૂ. મહાસતી તમન્નાબાઈ સ્વામી, ચાંપશી, ઈશ્વરના કાકાઈભાભી. સ્વ. ભુરાલાલ, દામજીના સાળાના ઘરેથી. ગેલજી, સ્વ. પુંજાલાલ, દેવશી, ચીમનના કાકાઈ સાળાના ઘરેથી. ભાવના, રતન, શર્મિલા, જુગલ, ઈગલના નાનીમા. મનસુખ, બિપીન, શીતલના નાનીસાસુ. જયંતીલાલ, જયેશ, રાજેશ, કાંતા, સુશીલા, મંજુલા, સ્વ. કલ્પના, પુષ્પા, રસીલા, સં.પ.પ.પૂ. મહાસતી હિતજ્ઞાબાઈ સ્વામી, પ્રેમિલાના મામી. શાંતી, નિધી, રસીલા, સ્વ. ડુંગરશી, લખમશી, મણીલાલ, નેમચંદ, સ્વ. લાલજી, મનસુખ, પ્રવિણના મામીયાણ સાસુ. સ્વ. તેજા મેકણ, સ્વ. સુરા કુંભાના કા.પૌત્રવધૂ. બૌવા સ્વ. રત્નાબેન માલશી ભારમલના દિકરી. ગુલાબચંદ, ભમીબેન વેરશીના બેન. નાનજી, વનિતા પ્રેમિલા, સ્વ. ભરત, સ્વ. હસમુખ, નિલેશના ફુઈ. ડાયાલાલ, રાઘવજી, મીના, રંજન, દિપાના ફુઈયાણસાસુ. સ્વ. નરશી, સ્વ. દેવશી, સ્વ. અખાના ભત્રીજી. સ્વ. વિંઝઈબેન અખા, સ્વ. બુદ્ધીબેન રાજા બોરીચાના ભત્રીજી. સ્વ. સોનાબેનના મામાઈબેન. સ્વ. શાંતિ, નિલુ, સ્વ. અમરશીના માસી. સ્વ. ડાયાલાલ, સ્વ. જેઠાલાલના કા. ભત્રીજી. સ્વ. હિરા, રાજા, તેજસી કારા, સ્વ. વીરા, લાધા, તેજસી, સ્વ. માનુ માલસી તેજસીના ભાણેજી. ડાઈબેન ગુલાબચંદના નણંદ. રાયચંદ સુરજી છાડવા, સં.પક્ષે રાજવીર્ય મ.સા.ના માસીયાણ સાસુ. સ્વ. મુરઈબેન પેથા ભીમા ગાલા, સ્વ. તેજીબેન પેથા નંદુ, સ્વ. મોંઘીબેન કરમણ બૌવા, સ્વ. મોંઘીબેન ડાયા કારીયાના ભાણેજવહુ. વસનજી હરેશ, હસમુખ, કિશોર, જીવરાજ, શામજી, દામજીના કા.ભાભી. સ્વ. હિરૂબેન રણશી જગશી ગાલા, સ્વ. રૂપાબેન અને રામજી વેરશી સત્રા, સ્વ. દિવાળીબેન જેઠુ કારા ગાલા, સ્વ. મોંઘીબેન વેલજી પુંજા સત્રાના વેવાણ. પ્રા.: કાંતી વિસરીયા હોલ, થાણા-વેસ્ટ. ટા.: ૧૦.૩૦ થી ૧૨, જાપ: ૧૨ થી ૧૨.૩૦. શુક્રવાર, તા. ૦૬-૦૫-૨૦૧૬. ઠે.: મેઘજી મુરજી છેડા, સી-૨૮/૧-૧ નિવારા સોસાયટી, સાનપાડા, નવી મુંબઈ. ૯૮૧૯૬૨૪૦૦૪. તા.ક.: લૌકીક વ્યવહાર બંધ છે. ચક્ષુદાન કરેલ છે. (J-86140){1-1}

### તપસ્વીની શ્રી ભાવાંશીકુમારી આર્યાજીને શત શત અભિનંદન

પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ગુરૂદેવ શ્રી ભાવચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તી મધુરભાષી શ્રી તરલાકુમારી આર્યાજીના સુશિષ્યા વિદ્યાભિલાષી તપસ્વીની શ્રી ભાવાંશીકુમારી આર્યાજી વર્ધમાન આયંબિલ તપની ૨૦મી ઓળી પૂર્ણ કરી રહ્યા છે તે બદલ ખૂબ-ખૂબ અભિનંદન સાથે હાર્દિક વંદન. ઘાટકોપર શ્રમણી વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા કરતા 'તપ' ધર્મની આરાધના સાથે વૈયાવચ્ચ ગુણધારક એવા શ્રી ભાવાંશીજી આર્યાજીએ અગાઉ વર્ષીતપ, માસખમણ, ૩૬-૧૬/૯/૮ વિ. ઉપવાસના થોક પણ કર્યા છે. ૮ વર્ષના દીક્ષા પર્યાયમાં શ્રુતજ્ઞાન, વ્યાખ્યાન, શિબિર આદિ અનેક વિષયોમાં રૂચિ ધરાવતા વિદ્યાપ્રેમી, તપ-જપ પ્રિયધર્મા એવા તપસ્વી આત્માને એમના સંયમ સાધના માર્ગની શત-શત શુભેચ્છા. લિ. નેણશી જુઠાલાલ બોરીચા. (T-85682){1-6}

## સામાજિક

### "આયંબિલની ઓળીની આરાધના સાનંદ સંપન્ન થઈ"

શ્રી અજરામર સ્થાનકવાસી જૈન સંઘ ખારોઈ સંચાલિત માતુશ્રી ખેતઈબેન નાનજી નરસિંહ ફુરીયા જૈન ધર્મસ્થાનક-દેવ-ગુરૂ-પસાયે લીં. અ.સં.ના ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ભાવચન્દ્રજી મ.સા.ના આજ્ઞાનુવર્તિ શ્રી કમલપ્રભાજી મ.સ. ઠા.૪ની પાવન નિશ્રામાં ઓળી પર્વની ઉજવણી શાનદાર થઈ. પ્રતિદિને પ્રભાતે પરમાત્માની પ્રાર્થના સંઘમાં ચાલુ છે. નવે દિવસ આયંબિલની આરાધના દરમ્યાન સવારે ૯ થી ૧૦ ।। નવપદ મહિમા સુંદર રીતે વર્ણવામાં આવેલ સાથે આપણે તેવા બનવું હોય તો કયા કયા પરિબળો સેવવા જોઈએ તે ૫ર મહાસતીજીએ વિશેષ સમજણ સાથે-શ્રીપાળ મયણાના જીવન પર પ્રકાશ પાડ્યો હતો. વ્યાખ્યાન શ્રવણથી સૌ ધન્ય બન્યા. નવકાર મંત્રના ૧૨ કલાકના અખંડ જાપ ઉપાશ્રયમાં મધુર કંઠે ગુંજતા થયા જેથી વાતાવરણ પવિત્ર બન્યું સાથે બપોરે નવકારમંત્રના જાપ તથા નવગ્રહના જાપ પૂ.મ. દ્વારા કરાવવામાં આવ્યા જેના દ્વારે પોઝેટીવ પરમાણુથી સૌ પ્રભાવિત થયા, પ્રસન્ન બન્યા. નવ દિવસ જ્ઞાન સાથે ગમ્મત, કવીઝ અલગ (૨) કરાવવામાં આવી સૌ આનંદીત બન્યા. શ્રી સંઘમાં મહાવીર જન્મદિને એક નાનકડી નાટીકા નાની બાલીકા દ્વારા મહાવીર જન્મ વધાઈ વિષે રજુ કરવામાં આવેલ, બધાને ઉત્સાહમાં પ્રોત્સાહિત કર્યા. અલગ (૨) દાતાઓ તરફથી ઈનામ આપવામાં આવેલ. શ્રી સંઘમાં ૮ ઓળી તપ તથા કુલ્લે ૧૩૫ આયંબિલની આરાધના થઈ. હીરૂબેન મેપશી છેડા તરફથી સંઘના ઘરે પાવન પગલા જાપ કરાવી સંઘ પૂજન કરેલ. આયંબિલ ઓળીના આરાધકોની શ્રેષ્ઠ અનુમોદના શ્રી સંઘ તથા અલગ (૨) દાતાઓ તરફથી કરવામાં આવેલ. નવ દિવસ આનંદ મંગલપૂર્વક આત્મિક આરાધનામાં પસાર થયા. દરેક અનુષ્ઠાનોમાં જૈન-જૈનેત્તર આત્માઓ લાભ લઈ સારી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રી સંઘની શોભા વધારી હતી. પૂ.મ.સ.નો હ્રદયપૂર્વક આભાર શ્રી સંઘે મ.સ. સમક્ષ વ્યક્ત કરી પૂર્ણ સંતોષ અનુભવ્યો હતો. લિ. શ્રી ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર, પત્રિકા સૌજન્યદાતાઃ શ્રી રસીક નાગશી છાડવા-ખારોઈ-અંધેરી, C/o, રાઈટ સીરામીક્સ-નોવેલ્ટી ઈન્ટીરીયર સ્ટુડીયો, પારલા-વેસ્ટ. મો.: 9833195659, 9969724729. (M-13893){1-3}

### કચ્છ યુવક સંઘના નવા કચ્છી નાટકમાં ભાગ લેવા કલાકારોને આમંત્રણ

• ગત વર્ષના કચ્છી નાટક 'હલે ત ગડો, નકા ભર લડો' એ સમગ્ર ભારતમાં ૫૪ પ્રયોગો કરી લોકોના હ્રદય જીતી લીધા. હવે આગામી કચ્છી નવા વર્ષે ફરી એકવાર સતત ૨૪મું નવું કચ્છી નાટક ભજવાશે, જેની તડામાર તૈયારીઓ ચાલુ છે. ૧૮ થી ૩૫ વર્ષના યુવક યુવતીઓને ભાગ લેવા સહર્ષ આમંત્રણ.

• કચ્છ યુવક સંઘ નિર્મિત કચ્છી નાટકોમાં ભાગ લઈ અનેક કલાકારો હિંદી સિનેમા, સિરીયલો તેમજ જાહેરાતોમાં અભિનય કરે છે. તો આ વર્ષે પણ આત્મવિશ્વાસથી છલોછલ થઈ પોતાનું વ્યક્તિત્વ મજબુત કરવા માંગતા યુવક-યુવતીઓને ભાગ લેવા આહવાન.

• સિલેકશન માટે તા.-૯ મે ૨૦૧૬. સોમવાર બપોરે ૩.૦૦ વાગે કચ્છ યુવક સંઘ કાર્યાલય, પહેલે માળે, તક્ષશીલા કો.ઓ.હા.સો. ગોકુલદાસ માધવદાસ પાસ્તા રોડ, ચિત્રા સિનેમાની પાછળ, પેટ્રોલ પંપની સામે, દાદર (પૂર્વ) ખાતે હાજર રહેવું.

• વધુ વિગત માટે સંપર્કઃ ૯૭૫૭૪૦૫૮૭૨. લિ. નાટ્ય સંયોજક તલકશી વેરશી ફુરિયા (ભચાઉ). (M-13899){1-4}

શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન

શરણાઈઓની વાગી રહી છે ગૂંજ...
ઢોલના ધબકી રહ્યાં છે પડઘમ ...
જ્ઞાતિજનો ...તૈયાર રહેજો ...આવી રહ્યો છે...
જ્ઞાતિગૌરવને ગજવતો અનોખો અવસર ....

સાવજ ગર્જનાએ
સમાજ એકતાની સાવજ ગર્જનાએ
ચોવીસીના મહાજનો એક તાંતણે બંધાયા...
સમાજ ઉત્કર્ષનું ધ્યેય લઈ ૫૦ વર્ષ સાર્થક થયા...



સુવર્ણ મહોત્સવ

તા.૨૨-૫-૨૦૧૬



(M-0)

**લાકડીયા છ કોટી સ્થા. જૈન સંઘ-લાકડીયા**

પર્યુષણ પર્વ ઉજવવા માટે તા. ૨૬-૮ અથવા ૨૮-૮-૨૦૧૬ના સંઘરૂપે લાકડીયા જવાનું નક્કી થયેલ છે. રૂા. ૫૦૦/- ડિપોઝીટ ભરી નીચેના સ્થળે પોતાના નામ લખાવવા નમ્ર વિનંતી. રાત્રે એ.સી. ટ્રેનમાં લઇ જવામાં આવશે. નામ લખાવ્યા પછી કેન્સલ થશે નહી. ડિપોઝીટ સ્થાનીક પરત કરવામાં આવશે. તા. ૭-૫-૨૦૧૬ સુધી નામ લખવામાં આવશે. ફોન દ્વારા નામ લખાવવા નહી. નીચેના સ્થળે નામ લખાવી ડિપોઝીટ ભરી જવા વિનંતી. આઇડેન્ટી કાર્ડ પ્રમાણે અટક લખાવવી. લીબર્ટી સ્ટોર્સ, રાનડે રોડ, દાદર, મુંબઇ-૨૮. ટા.: ૧૧ થી ૧. પ્રાણજીવન દામજી શાહ, વિકી પર્સીસ, ૪૨/૪૪, સુતાર ચાલ, પહેલે માળે, મું.-૪૦૦ ૦૦૨. લિ. ટ્રસ્ટીઓ.

(D-85571){2-1}

**શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ (અજરામરવાડી) અંધેરી-વેસ્ટ સંચાલિત માતુશ્રી કાશીબેન સુરજી વીરજી ગડા જૈન ધર્મસ્થાનક પૂજ્ય અમરલતાબાઇ મ.સ. ઠાણા-૦૫નું મુંબઇમાં આગમન**

લિંબડી અજરામર સંપ્રદાયના વર્તમાન આચાર્ય ભગવંત પ.પૂ. ભાવચંદ્રજીસ્વામીના આજ્ઞાનુવર્તી પૂ. અમરલતાબાઇ મ.સ. ઠાણા-૫ સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાતમાં યશસ્વી ૧૨ ચાતુર્માસ કરી અમારા શ્રી સંઘની વિનંતીને સ્વીકારી ૨૨ વરસ બાદ ફરીથી બીજા ચાતુર્માસ માટે મ.સ. પધારે છે. જેનો શ્રી સંઘમાં અતિ આનંદ છે. પૂજ્ય મ.સ. તા. ૦૮-૦૫-૨૦૧૬ને રવિવારના રોજ દહિંસર નવાગામ શ્રી સંઘમાં પધારવાના ભાર રાખે છે. શ્રી સંઘવતીથી એમના પ્રવેશની શુભ કામના. લિ. મંત્રીઓ શામજી હોથીભાઇ ગડા, નાનજી હરખચંદ નિસરના જય જિનેન્દ્ર.

(A-85751){2-2}

**"શ્રી ક.વિ.ઓ. જૈન સેવા સમાજ કુર્લા"**
**ઘર ઘર ગુંજે શ્રી નવકાર એ જ અમારો છે નિર્ધાર**

શ્રી કચ્છ આઠ કોટી મોટી પક્ષના આચાર્ય ભગવંત પુનમચંદજી સ્વામીના સુશિષ્યા નિડર વક્તા બા.બ્ર. સુભદ્રાબાઇ મહાસતીજી આદી ઠાણા-૫ બિરાજમાન છે. દર્શન-વંદન લાભ લેવા વિનંતી. તા. ૭-૫-૨૦૧૬, શનિવાર, વૈશાખ સુદ-એકમના સમુહ જાપ સવારના ૭ થી ૮ ઉપાશ્રયમાં રાખવામાં આવેલ છે. સકળ સંઘના દરેક ભાઇઓ તથા બહેનોએ વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી. લકી ડ્રો ઇનામી યોજના પણ રાખવામાં આવેલ છે. લિ. મા. મંત્રીઓ-વિજય શામજી શાહ, કિશોર ખેતશી શાહ.

(J-86139){2-3}

**શ્રી વજાદાદા નમઃ શ્રી ખેતાદાદા નમઃ**
**ભચાઉ આથમણી વાડીમાં નમતી ગડા ગેલાણી બહેનોને હેતભર્યા તેડા**

ગામ સામખીયારીના અ.સૌ. લક્ષ્મીબેન વેલજી ગાંગજી ગડાના પૌત્ર અને અ.સૌ. તૃપ્તિબેન જીતેન્દ્ર ગડાના લાડકવાયા પુત્ર ચિ. વંશના મુંડન સંસ્કાર પ્રસંગ નિમિત્તે ભચાઉ આથમણી વાડીમાં શ્રી વજાદાદા અને શ્રી ખેતાદાદાને નમતી ગડા ગેલાણીની કુંવારી તથા પરણેલી નિયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ. જે બહેનો એકલી ન આવી શકતી હોય તો તેમની સાથે આવનારને પણ જમણવારનું આમંત્રણ છે. શુભદિન તારીખ ૮-૫-૨૦૧૬, રવિવાર, ટાઇમઃ સાંજે ૫ થી ૮. ઠે.: ચંપાબેન ચાંપશી દેવશી નંદુ મહાજનવાડી, લોટસ પેટ્રોલપંપની સામે, અંધેરી (વેસ્ટ). લિ. અ.સૌ. લક્ષ્મીબેન વેલજી ગાંગજી ગડા પરિવાર (પાર્લા).

(A-85740){2-4}

## ધંધાદારી

**MAKE YOUR SUNDAY A FUNDAY WITH BRAIN BUDDY CHARMI CHHADVA**

Welcome all in Brain Buddy Carnival and Seminar on MID BRAIN ACTIVATION & DMIT with live demo. દરેક મા-બાપ માટે તેમના બાળક અનમોલ છે પણ શું તમે તમારા બાળકને ઓળખો છો? તેના સાચા ટેલેન્ટને તમે ઓળખો છો? શું તે આંખો બંધ કરીને વાંચી શકે છે? એવા અનેક સવાલોના જવાબ સેમીનારમાં તમને મળશે. Seminar બાદ તમારા Sunday ને Funday બનાવવા માટે અમૂક Activities નું આયોજન કરવામાં આવેલ છે.-Pet Zoo (પાળેલા જાનવરો)-Jumping Moon walkers-અન્ય ગેમ્સ-Instant Photo Studio (મેળવો ફોટો કોપી તરતજ)-Exhibition of creative Stalls & Yammy food. Entry Fee: Rs. 100 (5 pm onwards) Seminar timing: 3.30 pm to 4.30 pm (Registration Compulsory) On the Spot Registration offers Rs. 2000/- off on Mid BRAIN ACTIVATION COURSE. For Stall inquiry Contact: Charmi Chhadva-(Lakadia) 9920384282. Date: 8th May 2016 (Sunday). Venue: Bengal Club, Shivaji Park, Dadar (W).

(D-85574){2-5}

**એક્ટીંગ/મોડલીંગ શીખો ને કરીયર બનાવો**

નવા કલાકાર છોકરા-છોકરી-બાળકો (દરેક વયના) ફિલ્મ, સિરીયલ, ટીવી એડ, પ્રિન્ટ એડ માટે અનુભવી ફ્રેશ જોઇએ. બોરીવલીઃ ૯૮૨૧૪૨૫૨૮૪/ ૯૯૮૭૫૩૫૨૮૪ CINE MEDIA.

(M-13857){2-6}

**મોડલીંગ અને એક્ટીંગ**

ટીવી સિરીયલ, ફિલ્મ, ટીવી એડ્સ, પ્રિન્ટ એડ્સ, મ્યુઝિક વિડિયો માટે નવા છોકરા-છોકરી-બાળકો (દરેક વયના) અનુભવી-બિનઅનુભવી આવકાર્યઃ SUNRISE CASTING (મલાડ): 9769375767/9769378947.

(M-13857){2-7}

**પાસપોર્ટ સર્વિસ ફક્ત રૂપિયા ૫૦૦/-**
**ગેઝેટ (નામ બદલી) સર્વિસ ફક્ત રૂા. ૧૩૦૦/-**

નવા, રીન્યુઅલ, નામમાં ફેરફાર, સરનામું બદલી થયેલા પાસપોર્ટ માટેની અરજી ઓનલાઇન રજીસ્ટ્રેશન કરીને એપોઇન્ટમેન્ટ લઇને આપીશું. પાસપોર્ટને લગતા બધા પેપર તૈયાર કરીને આપીશું. નામ બદલી માટેની મહારાષ્ટ્ર ગવર્મેન્ટની ગેઝેટ બુકમાં નામ બદલીની નોંધણી કરવી, મહાનગર ગેસ લાઇનના બીલમાં નામ બદલી, લાઇટબીલ રિલાયન્સમાંથી ટાટા પાવરમાં રૂપાંતર કરીને બીલમાં નામ બદલી કરી આપશું. સંપર્કઃ મહેન્દ્ર ગોગરી, મો.: ૯૩૨૨૬૫૦૩૦૦/૯૯૬૯૮૪૩૧૯૪.

(M-13365){2-8}

**વેકેશન બેચીસ મોન્ટેસરી E.C.C.Ed.**
**Govt. Regd. ડિપ્લોમા કોર્સ**

માત્ર બે મહિનામાં (Crash Course) જોબ ઓરિએન્ટેડ ટિચર્સ ટ્રેનીંગ ડિપ્લોમાં Regular (સવાર/બપોર/ સાંજના બેચીસ) Sat./Sun./Batches/ Correspondence/ Online (પ્રેક્ટીકલ ટ્રેનીંગ સાથે) દસમી અને બારમીની પરીક્ષા આપેલ વિદ્યાર્થી પણ આ કોર્સ કરી શકે છે. આ કોર્સ કરીને મેળવો વિવિધ State/ICSE/CBSE/IB બોર્ડની પ્રાઇવેટ શાળાઓમાં જોબ અથવા શરૂ કરો પોતાની પ્લે સ્કુલ. www. teachertrainingmumbai.com/વિદ્યાનિધિ એજ્યુકેશન સોસાયટી, બોરીવલી સ્ટેશન-વેસ્ટ. 28945954/5538.

(M-13807){2-9}

**સરગમ વોટર પાર્ક -પ્યોર વેજ જૈન ફુડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦/-**

ટા.: સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડિનર, ૩.૩૦ થી ૪.૩૦. ચા-કોફી-આઇસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઇડ, ડી.જે. રેઇન ડાન્સ, MPWS. બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડિસ્કાઉન્ટ. કામણ જૈન મંદિરથી ૩ કિમી. ભજનલાલ ડેરી થી ૯ કિ.મી. દહિંસરથી ૨૧ કિ.મી. ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભીવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ. સં.: ૯૩૨૪૩૦૪૩૩૩. રમેશ માણેક ગાલા (ગઢશીશા). website: www.sargamwater-ppark.com.

(J-86086){2-10}

**સદભાવના મેડિકલ સેંટર-ડેન્ટલ ડિપાર્ટમેન્ટ**

ડો. ગીરધન ગડા સંચાલિત ઉપરોક્ત સેંટરમાં દાંતને લગતી બધા જ પ્રકારની સારવાર ખૂબ જ રાહતના દરે ઉપલબ્ધ છે. વા.વિ.ઓ. સમાજના ૨૫૦૦૦/- રૂા. થી ઓછી આવક ધરાવતા કુટુંબો માટે અકલ્પનીય ઓછા ભાવમાં દાંતની સારવાર કરી આપવામાં આવે છે. કદાચ આખા મુંબઇમાં આટલા ઓછા રેટમાં સારવાર નહીં મળે. સમય સવારના ૧૦ થી સાંજે ૮.૩૦. ઍડ્રેસઃ રૂમ નં. ૨૨, રોનક ભવન, બચ્ચાની નગર, મલાડ (ઇ) અપોઇન્ટમેન્ટઃ 28880654, M.: 9702995757/8082534625.

(M-13533){2-11}

## લગ્ન સંબંધી

યુવક-ગર્ભશ્રીમંત-નામાંકિત, બહોળા બિઝનેસવાળા, ખાનદાની, સોફ્ટ પરિવારના અતિ દેખાવડા અતિ ગોરા કુંવારા, શાંત, સંસ્કારી નાના પરિવારના લક્ઝરી વિશાળ રહેઠાણવાળા સ્માર્ટ યુવક ૪૮/B.Com માટે દેખાવડી સુખી ધાર્મિક પરિવારની ઘરેલુ કન્યાઓએ મળવું. કાવેરી લગ્નઃ ૯૬૧૯૮૭૮૧૭૨. ખાનગી. હમણા વાગડ વિશા ઓશવાલ જૈન સમાજની દરેક ઉંમરની કન્યાઓ/બહેનોનું ફ્રી રજીસ્ટ્રેશન.

(M-13867){2-12}

યુવક-છુટાછેડા, ગર્ભશ્રીમંત, ધાર્મિક, ખાનદાની, બહોળા બિઝનેસવાળા, નામાંકિત, સોફ્ટ પરિવારના દેખાવડા લક્ઝરી, વિશાળ રહેઠાણવાળા શાંત સંસ્કારી છૂટાછેડા યુવક ૩૭/B.Com માટે દેખાવડી, વેલસેટ, બહોળા બિઝનેસવાળા, ધાર્મિક પરિવારની ઘરેલુ કન્યાઓએ મળવું. મળોઃ કાવેરી લગ્ન- ૯૬૧૯૮૭૮૧૭૨ (વીવીઆઇપી) હમણા વાગડ વિશા ઓશવાળ જૈન સમાજની દરેક ઉંમરની કન્યાઓ/બહેનોનું વીનામુલ્ય રજીસ્ટ્રેશન.

(M-13869){2-13}

કન્યા-દેખાવડી, ગર્ભશ્રીમંત, ધાર્મિક, ખાનદાની નામાંકિત બિઝનેસવાળા પરિવારની દેખાવડી ગોરી કુંવારી સ્લીમ નાજુક નમણી કન્યા CA /ટેક્સ કન્સલ્ટ માટે દેખાવડા ગર્ભશ્રીમંત ધાર્મિક ખાનદાની બિઝનેસવાળા પરિવારના સ્માર્ટ વેલ એજ્યુકેટેડ ૨૪ થી ૨૮ વર્ષ સુધીના યુવકોએ મળવું. કાવેરી લગ્નઃ ૯૬૧૯૮૭૮૧૭૨(સીલ્વર).

(M-13869){2-14}

કન્યા-શ્રીમંત, ધાર્મિક, ખાનદાની, બિઝનેસવાળા કુટુંબની દેખાવડી કુંવારી ગોરી/સ્લીમ/નાજુક નમણી સંસ્કારી કન્યા ૨૩/BALLB માટે દેખાવડા, વેરી વેલસેટ, વેલ એજ્યુકેટેડ, સ્માર્ટ નાના પરિવારના બિઝનેસવાળા સ્માર્ટ યુવકોએ મળવું. કાવેરીઃ ૯૬૧૯૮૭૮૧૭૨ (વીવીઆઇપી).

(M-13869){2-15}


**૧૦ કિલો વજન ઘટ્યું ઉનાળામાં જલ્દી ઘટે છે**



**૨ મહિના પર ૧ મહિનાનો કોર્સ ફ્રી**
**૧૦૦% કુદરતી**
**- હોમ ડિલેવરી મળશે -**
**લેવાની પદ્ધતિ : સવારે ૧ ચમચી અવલેહ અડધા ગ્લાસ પાણી માં મેળવી ખાલી પેટે લેવુ.**
**મહેક : 9619072961**
(M-13878)


## જીવદયા

**શ્રી જીવદયા મંડળ-ભચાઉ કચ્છ (બોકડાખાતું) દાતાઓનો આભાર**

૧૫૦૦૦/- કુબડીયા સુશિલાબેન ચંદુલાલ-લાકડીયા, ૧૦૦૦૦/- મહેતા બબીબેન અનોપચંદ-ભચાઉ ૮૮૨૧/- શ્રી સતાદાદાને નમતા કારીયા પરિવારના ગોટીયા ભાઈ-બહેનો તરફથી, ૭૨૫૦/- ગાંધી શાંતાબેન નાનચંદભાઇ-ભચાઉ, ૫૦૦૦/- શ્રી રેસકોર્સ શ્રે.મૂ.પૂ.તપગચ્છ જૈન ટ્રસ્ટ, ૫૦૦૦/-શ્રી જૈન શ્રે.મૂ.પૂજક મંદિર બેંગલોર વડેદ્રા, ૫૦૦૦/- શ્રી જૈન શ્રે.મૂ.પૂજક સંઘ કોલ્હાપૂર, ૫૦૦૦/- શ્રી વનિતાબેન રમેશભાઇ-મનફરા. ૫૦૦૦/- સત્રા શાંતિલાલ વાલજીભાઇ-ભરૂડિયા ૫૦૦૦/- શાહ સરોજબેન ડાયાલાલ-નવસારી, ૫૦૦૦/- માતુશ્રી મણીબેન શાંતિલાલ પૂજ-લાકડીયા, ૨૫૦૦/- કારીયા જવેરબેન નારણભાઈ વીરાભાઇ-ભચાઉ, ૨૨૫૦/- મહેતા સુરેશભાઈ અમરચંદ-ભચાઉ, ૨૦૦૦/- વારૈયા વનિતાબેન ધીરજલાલ-અમદાવાદ. ૪૦૦૦/- કારીયા ખીમજીભાઇ મેઘજીભાઇ-ભચાઉ, ૧૦૦૧/- ફરીયા રૂપશીભાઈ રવજીભાઈ-ભચાઉ. દાન માટે સંપર્ક-ટ્રસ્ટીશ્રી બાબુલાલ કાનજી વોરા, મો.: ૯૩૨૪૦-૪૮૨૨૩, સ્થાનિક ટ્રસ્ટીશ્રી-હિમ્મતલાલ જેઠાલાલ મહેતા, મો.: ૦૯૮૭૯૯૮૯૦૨૪, શ્રી અમૃતલાલભાઈ કોરડીયા, મો.: ૯૯૨૦૩૧૩૦૪૮, શ્રી જયંતિલાલ છગનલાલ વોરા, મો.: ૯૯૬૭૩૭૨૭૬૫.

(D-85564){2-16}

પ્રેસ તરફથી સુધારો : ગુરુવાર, તા. ૫-૫-૨૦૧૬ની ખબર પત્રિકામાં શ્રી ૨વ વિશા ઓસવાળ મિત્ર મંડળ મુંબઇની રનિંગ જા.ખ.માં રવેચી માતાની ઉજવણી પ્રસંગે થાળમાં આવેલ રકમ થેલીની વહેતી ઓફર રૂા. ૫ લાખને બદલે ૧ લાખ રૂપિયા માતુશ્રી કેશરબેન માંયા રાજા છેડા પરિવાર તરફથી આવેલ છે એમ સુધારીને વાંચવું.

(J-0){2-17}


**કચ્છ-વાગડ ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યવસાયિક જાહેરાતો, મેટરો કે નિવેદનો તેમના પોતાના હોય છે. એમાંથી ઉદ્‌ભવતા પરિણામો વિશે શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન તેમજ કચ્છ-વાગડ ખબર પત્રિકાના તંત્રી જવાબદાર નથી.**

## ધંધાદારી

**કચ્છી સમાજનું ગૌરવ-'ઓમ જ્વેલર્સ-બોરીવલી' હવે મુલુંડમાં તમારું સ્વાગત કરે છે...**

• હોલ માર્કડ સોનાની તથા સર્ટિફાઇડ સાચ્ચા હીરાની લગ્નસરાની જ્વેલરીનું કલેક્શન
• એન્ટીક, કુંદન,અને પોલ્કી (વિલંદી) જ્વેલરીનું નવું કલેક્શન
• આણા અને છાબ માટે સોલિટેર ડાયમંડની આકર્ષક જ્વેલરી
ઓમ જ્વેલર્સ મોજીલી Youngsters બને સજીલી OMSTERS
• ટવીન સ્ટોર્સ, ઓમ જ્વેલર્સ જંકશન, એલ.ટી. રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઇ-૯૨. ફોનઃ ૬૧૫૮૭૦૦૦.
• શ્રી સિદ્ધી પ્લાઝા, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ-૮૦. ફોનઃ ૬૧૫૮૭૦૦૧. લિ. નરેન્દ્ર સોની, મુકેશ સોની, ભાવિન સોની (કચ્છ-ડોણ-ગોધરા-હાલાપરવાળા). (M-13859){3-1}

**ઓર્થોપેડીક (હાડકાંની તપાસ)**

શ્રી અંધેરી વાગડ વિશા ઓસવાળ જૈન મેડિકલ સેન્ટરમાં હાડકાંની તપાસ માટે ડો.મીલીન્દ મર્ચન્ટ (Orthopedic Sargeon) દર મંગળવાર અને શુક્રવારના બપોરે ૩ થી ૫ વાગ્યા દરમિયાન સેવા આપી રહ્યા છે. તેમનો તપાસનો ચાર્જ માત્ર ૧૦૦/- રૂા. રાખવામાં આવેલ છે. દૂર દૂર થી આવતા વ્યક્તિઓએ સવારના ફોન કરીને આવવા વિનંતી. એડ્રેસ-૧૦૧/૧૦૨ ૧લે માળે, સોનલ ક્લાસીસ, ભરડાવાડી, અંધેરી-વેસ્ટ. ફોન -૨૬૭૯૨૮૧૩/૧૪. લિ. ટ્રસ્ટીઓ. (J-86073){3-2}

**કાન-નાક-ગળા (E.N.T.) સ્પે. ડોક્ટર દ્વારા તપાસ**

શ્રી અંધેરી વાગડ વિશા ઓસવાળ જૈન મેડીકલ સેન્ટરમાં કાન, નાક અને ગળાની તપાસ માટે આપણા સેન્ટરમાં ડો. શૈલેષ પાંડે દર બુધવારે બપોરે ૩ થી ૩.૩૦ અને દર શનિવારે ૧૦.૩૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી સેવા આપવા આવે છે જેમનો ચાર્જ માત્ર ૧૦૦ રૂા. રાખવામાં આવેલ છે. સાથે-સાથે કાનની ઓડીયોમેટ્રી (સાંભળવાની તપાસ) પણ આપણા સેન્ટરમાં થાય છે. તેનો ચાર્જ ફક્ત ૨૫૦/- રૂા. રાખવામાં આવેલ છે. દુરથી આવતા વ્યક્તિઓએ સવારના ફોન કરીને આવવા વિનંતી. એડ્રેસ : સોનલ ક્લાસીક બિલ્ડીંગ, ૧૦૧/૧૦૨, ૧લે માળે, ભરડાવાડી-રોડ, અંધેરી (વે.), મું.-૫૩. ફોન નં.: ૨૬૭૯૨૮૧૩/૧૪. લિ. ટ્રસ્ટીઓ. (J-86069){3-3}

**ધ્યાનથી વાંચો કામ લાગશે**

લગ્ન, પૂજા, કથા, હવન, પહેડી, બરવિધિ, પિતુશાંતિ ઘરમાં, દુકાનમાં, ઓફિસમાં વાસ્તુદોષ નિવારણ પૂજા માટે દીપક મહારાજ-લાકડીયાવાળા-મો.: ૯૮૨૦૬૯૯૨૦૯ તથા રાજેશ મહારાજ-૯૮૨૧૨૮૩૯૨૯. સંપર્ક સાધો-૯૮૨૧૯-૫૪૩૬૭. નોંધ-લગ્નવિધિનું બુકિંગ ચાલુ છે. (M-13871){3-4}

**દુનિયામાં સફળ અને સૌથી ઝડપી ઉપચાર**

પરેજી પાળવાની કે તડકામાં બેસવાની જરૂર નહીં. સોરાયસીસ અને સફેદ દાગના નિષ્ણાંત વૈદ્ય નાનકાની-9028131350, રવિવાર -૮ મે વરલીમાં, એપોઇન્ટમેન્ટ ડો. રવિ ચાવડા-9888022201, સોમવાર ૦૯ મે કાંદિવલીમાં એપોઇન્ટમેન્ટ ભરતભાઇ પારેખ-8097487440. આપના આજુબાજુ રહેતા અન્ય જ્ઞાતિના લોકોને જણાવશોજી. (M-13868){3-5}

# શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન

પ્રેરિત

## "સન્નારી સંગઠન સમિતિ"

### "રિજાયના" લેડિઝ ગ્રુપને સથવારે આયોજિત કરે છે

CHHEDA JEWELLERS Presents "Mrs. VAGAD" 2016

સ્થળ : તા. ૧૨-૬-૨૦૧૬ ભાઇદાસ ઓડીટોરીયમ
સમય : સવારે ૯ થી ૧૨

**વાગડ સમાજમાં સહુ પ્રથમ જાજવલ્યમાન નારીની શોધ**

આવો તમારે પોતાની પ્રતિભાને ઉજાગર કરવાની છે.
લોકોની સમક્ષ તમારામાં રહેલો ટેલેન્ટ બતાવવાનો છે.
મૂંઝાશો નહિ, ગભરાશો નહિ. અમે તમારી સાથે છીએ.
તમને દરેક જાતનું-જ્ઞાન નિષ્ણાંતો દ્વારા અપાવીશું.
તમારે તો ફક્ત ફોર્મ ભરવાનું છે અને ભાગ લઇને હિંમત કેળવવાની છે.

**જાગો દરેક પરણેલી વાગડની નાર, બતાવો તમારી ટેલેન્ટનું નૂર.**
**અને ના રહો Miss Vagad 2016ના તાજથી દૂર.**

**ફોર્મ મેળવવાના સેન્ટરો**

(૧) જનતા ટીમ્બર માર્ટ : ગ્રાન્ટરોડ-(વે)
(૨) પ્લેનેટ ફેશન : રામ મારૂતી રોડ, થાણા-(વે)
(૩) હરિ ૐ મોબાઇલ, શ્રી ગણેશ ભુવન, શોપ નં.૩, ઇન્દ્રપ્રસ્થની બાજુમાં, બોરીવલી (વે)
(૪) ચોવીસી મહાજન કાર્યાલય : મલાડ (ઇસ્ટ) (૫) સાહેબ : મુલુંડ (વેસ્ટ)

**: રજીસ્ટ્રેશન માટે સંપર્ક :**

બંસરી વાડીલાલ છેડાઃ ૯૮૧૯૫૫૯૯૧૩
પુષ્પા વિનોદ સાવલાઃ૯૮૬૯૬૬૦૨૨૯

**નોંધ :- ફક્ત ૨ દિવસ બાકી છે ફોર્મ ભરવા માટે**

**Co Sponcer's of Mrs Vagad**

Pappilon Creation
PRINT TECH PACKAGING SOLUTIONS PVT. LTD.
Ava SHOES & BAGS

નવકાર શ્રેષ્ઠી શ્રી ધર્મેશભાઇ કાંતિલાલ નિસરનો નિઃશુલ્ક જગ્યા પ્રેકટીસ માટે આપવા બદલ આભાર

**Prizes & Costume Sponcer's By**

kalakruti santacruz (w.)
AISHWARYA DESIGN STUDIO
(M-0)

**લિ. સન્નારી સંગઠન સમિતિ**
કન્વીનર : હંસાબેન પપીન ચરલા : ૯૯૮૭૦૮૮૦૦૪

**વા - સંધિવાના દુઃખાવા અકસીર ઉપાય**

વેરશીભાઇ છેડા (ગામ-રવ) મને ૨ વર્ષ પહેલા ૪ વર્ષથી ઘુંટણમાં સખત દુઃખાવો હતો, સીડી ચઢવામાં, ઉતરવામાં, બેસવામાં જે તકલીફ થતી તે મને જ ખબર છે. આ માટે મે આ મલમ મંગાવીને વાપરી જોયો. ખરેખર મલમ વાપર્યા પછી મને પગ, ઘુંટણમાં ઉઠવા, બેસવામાં એકદમ સારુ થઇ ગયું. હવે સીડી ચઢવામાં, ઉઠવા, બેસવામાં બિલકુલ તકલીફ થતી નથી. વા , સંધિવા, પગ, કમર, એડી, મૂઢ માર, ખભા, હાથ, ઘુંટણ જૂના દુઃખાવામાં અક્સીરમાં અકસીર મલમ વાપરી ખાતરી કરી જુઓ. ડો. રમેશભાઇઃ 9892784249. (M-13895){3-6}

**જીનેશ્વર એસ્ટેટ એજન્ટ**

બોરીવલીમાં 1 BHK, 2 BHK, 3 BHKના નાના મોટા ફ્લેટો તથા દુકાન-ગોડાઉન તથા ઓફિસ માટેની જગ્યા લેવા તથા દેવા માટે સંપર્ક કરો. તા.ક. કાલબાદેવી રોડ, બોરીવલી વેસ્ટ, દહીસર ઇસ્ટમાં મોકાની દુકાનો વેચાણથી આવેલ છે. મો.: 9324372456-ખીમજીભાઇ ફુરીયા. (M-13894){3-7}

**મુલુંડમાં ફ્લેટ માટે**

મુલુંડ (ઇસ્ટ) સ્ટેશનથી બાજુમાં, 4 BHK ફ્લેટ 2100 Ft., 2 Parking AC, ફર્નિચર, OC ધરાવતી બિલ્ડીંગમાં, દેરાસર, ઉપાશ્રય, હાઇવે અને ગાર્ડનથી નજીક હવા-ઉજાસ, રોડસાઇડ ફ્લેટ વેચવો છે. સંપર્ક-રાજેન-9920913579 (J-86133){3-8}

**પડદાની દુકાન માટે જોઇએ છે**

થાણામાં આવેલા એક્સક્લુઝીવ પડદાના શોરૂમ માટે સ્માર્ટ ટેલેન્ટેડ અને અનુભવી મેનેજર, સેલ્સગર્લ, સેલ્સમેન, એકાઉન્ટ જોઇએ છે. સેલેરી અનુભવ પ્રમાણે કોન્ટેકઃ દિનેશ છેડાઃ 9820390390. (T-85674){3-9}

**વનીતાસ બ્રેડસ**

7 મે શનિવારે બ્રેડસની વેરાયટી, સેન્ડવીચ બ્રેડસ, લાદીપાવ, પિઝા બ્રેડ, સુપસ્ટીક, બર્ગર બ્રેડ, કોર્ન રોલ પિઝા, પફ રોલ વગેરે 8 live વીથ પ્રેકટીસ (1000 Rs) ફોટો વોટસઅપ કરશું. વનીતા તુષાર હરીયા (શેરડી) મુંબઇ સેન્ટ્રલ (તારદેવ) 9323848638 (વોટસ અપ) 8879103033, 8898296123. ફેસબુકમાં Vanita cooking classesને like કરો. દરેક ક્લાસ ફ્રી રીપીટની ગેરંટી સાથે.(11 મે ચાઇનીઝ) (12 મે, બ્રાઉની વેરાયટી).(13 મે ચોકલેટ) (14 મે બંગાલી મીઠાઇ). (J-86081){3-10}

## અભિનંદન

**લાકડીયા-યશસ્વી જીવનની સુવર્ણ જયંતીએ હાર્દિક વધામણા અ.સૌ. શાંતાબેન/ શ્રી બાબુભાઇ બચુભાઇ ગડા**
**તા. ૮-૫-૧૯૬૬-૮-૫-૨૦૧૬ રવિવાર**



50 વર્ષ ANNIVERSARY GOLDEN JUBILEE શ્રીમતી શાંતાબેન/શ્રી બાબુભાઇ તા. ૮-૫ રવિવારે સુવર્ણ જયંતીના અવસરે અંતઃકરણપૂર્વક શુભકામનાઓ અને દેઢીયા મિત્ર મંડળ વતી શુભેચ્છાઓ વ્યક્ત કરીએ છીએ. ૨૩૪૩૭૨૧૪, ૯૮૭૦૨૧૨૧૨૨. આપની લગ્ન જીવનની સુવર્ણ જયંતી દુષ્કાળગ્રસ્ત ગામને દત્તક લઇ ઉજવશો. લિ. રમણીકલાલ પ્રેમજી દેઢીયા ભચાઉ-ખેતવાડી ૯૮૨૦૩૧૦૦૭૪ (J-86128){3-11}

## કચ્છમાં કારમા દુષ્કાળ જેવી કપરી પરિસ્થિતિ

**આપના અમૂલ્યદાનની સરવાણીનો મોટો પ્રવાહ કચ્છની ૮૦ પાંજરાપોળો તરફ વાળો**

* આપનો કે આપના પરિવારજનોનો બાળકોનો જન્મ દિવસ, લગ્નદિવસ, લગ્નતિથિની ઉજવણી, લગ્નના ૨૫/૫૦ વર્ષની ઉજવણી.
* આપના જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી
* આપના સ્વજનની પુણ્યતિથિ, દેવદેવીના પહેડીનો પ્રસાદ
* ધાર્મિક પ્રસંગો, મહોત્સવ, દેરાસરની ધજાનો દિવસ
* નાની મોટી તપસ્યા, ધર્મ આરાધના, સાંજી અનુમોદના
* પૂજ્ય સાધુ ભગવંત, સાધ્વીજી ભગવંતની પ્રેરક વાણી
* પશુઓને ઘાસ મળશે, પેટ ભરાશે, પાણી મળશે, તરસ છીપાશે
* બીમારની સારવાર થશે, શાતા મળશે.
* ભૂખ્યા, તરસ્યા, રખડતા પશુઓને આશરો મળશે
  તેની આંખના આંસુ લુંછાશે જીવતદાન, અભયદાન મળશે

**અબોલ, નિરાધાર પશુઓના સ્વજન બનો**

**સુણો જીવદયાની વાત, તેમનો ચિત્કાર સાંભળી જીવદયા દાન કરવા થાઓ તૈયાર.**

નાના મોટા દરેક દાન ઈન્કમટેક્ષ કલમ 80-G માં બાદ મળે છે. કોરપોરેટ કંપનીઓ પણ CSR હેઠળ દાન આપી શકે છે. તેઓને લાભ લેવાની સુવર્ણ તક જરૂર મેળવો.

**જીવદયા, કરૂણાની જ્યોત જલતિ રહો ;**
**દાનવીર દાતાઓના સાથ નિરંતર મળો**

**શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન**

**કાર્યાલય**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશીભાઈ ભેદા**

-:: કચ્છ ઓફિસ ::-
શ્રી આશાપુરા રીંગ રોડ, સોનીવાડ,
સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે,
ઓફિસ નં.: ૧૨૭/૧૩૦
ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦૦૦૧
ફોન : (૦૨૮૩૨) ૨૨૭૩૦૪
૦૯૯૦૪૮૩૧૫૧૪

-:: મુંબઈ ઓફિસ ::-
C/o. શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
(લુણી-મુંબઈ)
૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ,
કાનજી મેન્શન,
ગોકુલધામ હોટલની પાસે, મુંબઈ-૦૪.
ફોન : ૨૩૮૧ ૩૭૩૩/૬૬૩૮ ૦૫૦૦

(J-86136)



**શ્રી વાગડ વિશા ઓસવાળ સોશ્યલ ગ્રુપ (બોરીવલી)**

## યાત્રાની પાંચમી બેચ

## તા.6-5-2016 શુક્રવારથી શરૂ થાય છે

ઉપરોક્ત સંસ્થા દ્વારા તા. **6/5/2016** થી યોગાની શરૂઆત થઇ હતી. છેલ્લા **15** મહિનામાં લગભગ સમાજના **150** જેટલા વ્યક્તિઓ પોતાના સ્વાસ્થ્ય માટે જોડાયા અને ઘણા જ શારીરિક ફાયદા થયેલ છે.

હવે પાંચમી બેચ તા. **6/5/2016** થી શરૂ થાય છે. વહેલા તે પહેલાના ધોરણે **50** વ્યક્તિઓને લેવાના હોવાથી પોતાના નામ કાર્યાલયમાં જીવરાજભાઇ ગડા, મો.: **9819010861** ઉપર લખાવી દેવા વિનંતી. સમાજના કોઇપણ સ્ત્રી અથવા પુરૂષ જોડાઇ શકે છે. આ યોગાનો અભ્યાસ આપણા સમાજના લોકલાડિલા **કિર્તીકુમાર જખુભાઇ ગાલા (સામખીયારી)** કરાવી રહ્યા છે. સાથે સાથ સહકાર આપી રહ્યા છે ખુબ જ સારી રીતે યોગા કરાવી રહ્યા છે તેમને સંસ્થા વતી થી ખુબ-ખુબ ધન્યવાદ.

લિ. મંત્રીઓ :
**શ્રી ભરત કરમશી છેડા** (લાકડીયા)
**શ્રી ઉર્મીલા રસીક સત્રા** (આધોઇ)
**શ્રી કિશોર ઘનશ્યામ ખુથીયા** (ભચાઉ)
**શ્રી વિપુલ નેણશી ગાલા** (આધોઇ)

(M-13897)



## શ્રી વાગડ કલા કેન્દ્ર



## ચેસ કોમ્પીટીશન ૨૦૧૬

**-:: સ્પર્ધાની તારીખ અને સ્થળ ::-**

રવિવાર, તા.૧૯ જુન-૨૦૧૬ ★ સવારે ૯ કલાકે શાર્પ

સ્થળ : શુભમ હૉલ, રેલવે સ્ટેશનની સામે, વિલેપારલે-વે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટેના ફોર્મ સંસ્થાની ઓફિસ, રેગ્યુલર સેન્ટર તેમજ ફેસબુક પરથી મળશે. ફોર્મ મેળવી વિગતવાર ભરી બર્થ પ્રૂફની ઝેરોક્ષ કોપી અને એન્ટ્રી ફી ના ૧૦૦/- રૂા. સાથે કોઈપણ એક સ્થળે મોકલી આપો.

**ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧૦ જુન ૨૦૧૬ છે.**

વોલીન્ટીયર : ઉપરોક્ત સ્પર્ધામાં સેવા આપવા ઈચ્છતા કાર્યકર ભાઈ-બહેનોએ પોતાના નામ સંસ્થાની ઓફિસ : 2437 1515 / 1818 ઉપર નોંધાવો.

**લિ. સ્પોર્ટ્સ કમિટી**

(M-13910)



Before ◄ ૩ મહીનામાં ૧૪ કિલો વજન ઘટયું. શ્રુતીબેન ► After





**૩ મહીનામાં ૧૧ કિલો વજન ઘટાડો. આડ અસર વગર**

**મની બેક ગેરેંટી સાથે**

**ફ્રી કેલેરી ચાર્ટ + ડિલીવરી**

કોલેસ્ટ્રોલ, બ્લડપ્રેશર, મોનોપોઝ, ઘુંટણના દુખાવો વગેરેમાં ફાયદો.

**100% Natural**

SUNJIVNI HERBS
BE NATURAL BE HEALTHY
www.sunjivniherbs.com

**09773528877/ 09773528866**

(M-13877)



## ગાગોદર ગામના માયાળુ માનવીઓ મેળાની મોજ માણવા જાવું વતનમાં હાલોને રાજબાઈના ધામમાં

રાજરાજેશ્વરી રાજલ મા (રાજબાઇ માતાજી) નો મેળો જન્મભૂમિ અને આપણા માદરે વતન ગાગોદર મુકામે ભરાવવાનો છે, તો હાલો ગાગોદર મુકામે શ્રી રાજબાઇ માતાજીના દર્શન કરવા તેમજ ભાદરવા વદ બીજ રવિવાર, તા. ૧૮-૦૯-૨૦૧૬ના ભરાતા મેળામાં જેનું મુંબઇથી બારમા વર્ષનું આયોજન **શ્રી રાજબાઇ ભાવિક મંડળ ગાગોદર (મુંબઇ) દ્વારા કરેલ છે. શનિવાર, તા. ૧૭-૦૯-૨૦૧૬ના ટ્રેન દ્વારા જવાનું અને તા. ૧૮-૦૯-૨૦૧૬ના** રાત્રે મુંબઇ માટે રવાના.

ગાગોદર મુકામે માતાજીના દર્શન કરવા તેમજ મેળાની મજા માણવા સમુહમાં આવવા ઇચ્છતા શ્રી વિશા ઓસવાળ સમાજના ભાઇઓ બહેનો તથા ગામની નિયાણી બહેનોએ **રૂા. ૧૫૦૦/-** (રૂા. પંદરસો) આવવા જવા અન્ય ખર્ચ સાથે નીચેના સ્થળે ભરી બહોળી સંખ્યામાં પોતાના નામ લખાવવા અને આ બારમાં વર્ષના પ્રવાસને સફળ અને યાદગાર બનાવવા વિનંતી.

-:: નામ લખાવવાનું સ્થળ ::-

★ ચંપક નેણશી ફરીયા -મલાડ : 98210 09292
★ પદમશી ભીમશી છેડા-અંધેરી : 2670 5261
★ ધીરેન ગેલાભાઇ શાહ-બોરીવલી : 98201 43311
★ ચાંપશી પેથાભાઇ છેડા-માર્કીટ : 98928 48474
★ જયેશ મણશી છેડા-વલસાડ : 094271 54975

**નોંધ : નામ લખાવવાની છેલ્લી તા. ૧૪-૦૫-૨૦૧૬ શનિવાર**

**લિ.જય શ્રી રાજબાઇ માતાજી ભાવિક મંડળ**

(M-13898)

# ચોથી પૂણ્યતિથિએ વ્હાલભરી

# ..... સ્નેહાંજલિ .....





## આજીવન અનશન વ્રતધારી પૂજ્ય શ્રી રામજી ઉગમશી ગડા

ગામ-લાકડીયા (કચ્છ-વાગડ) • અરિહંત શરણ : રવિવાર, તા. ૬-૫-૨૦૧૨

**'પિતા'** એટલે ઘરનું અસ્તિત્વ
એટલે સૃષ્ટિના નિર્માણના અભિવ્યક્તિ
એટલે પરિવારનું અનુશાસન
એટલે ઘરના મોભી...!

અમારા જીવનના કારકિર્દીના ઘડવૈયા, પથદર્શક અંબરેથી વરસાવજો અમીયલ આશિષ...
આજે આપ નથી અમારી પાસ... પણ કણ-કણમાં છે આપનો અહેસાસ...
આપની સંસ્કાર સુરભીથી ગડા પરિવારનું ગુલશન સદાય મહેકતું રહેશે.
આજે આપની પુણ્યતિથીએ આપને યાદ કરી આપના પવિત્ર આત્મા પ્રતી વંદનાંજલિ અર્પણ કરીએ છીએ...

લિ.

પુત્ર-પુત્રવધુ : અ.સૌ. ચંદ્રીકા દામજી રામજી ગડા
અ.સૌ. હેમલતા મુરજી રામજી ગડા
અ.સૌ. જયા જિતેન્દ્ર રામજી ગડા

પૌત્ર-પૌત્રવહુ : અ.સૌ. દિશા વિશાલ દામજી ગડા

પૌત્ર : નિખીલ મુરજી ગડા, કેવિલ મુરજી ગડા
આકાશ દામજી ગડા, અમન જિતેન્દ્ર ગડા

પૌત્રી : વિનીતા જિતેન્દ્ર ગડા, કાજોલ જિતેન્દ્ર ગડા

પરપૌત્ર : માહિર વિશાલ ગડા

દીકરી જમાઇ : અ.સૌ. જવેરબેન ધનજી (ધન્નાશા) ગેલાભાઇ ગાલા
અ.સૌ. મંજુલાબેન મગન કરસન છેડા
અ.સૌ. મીનાબેન હરીલાલ અરજણ છાડવા
અ.સૌ. જિજ્ઞાબેન જયંતિ ભચુ ગાલા

દોહિત્ર-દોહિત્રવહુ : અ.સૌ. હેતલ રાજેશ ધનજી ગાલા
અ.સૌ. રેષા રોહિત મગન છેડા

દોહિત્રી : કોમલ જયંતિ ગાલા, સ્નેહા મગન છેડા

દોહિત્ર : કેવલ જયંતિ ગાલા

પર દોહિત્ર : ધનરાજ રાજેશ ગાલા, યશરાજ રાજેશ ગાલા

(J-86141)

|| તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ ||    || શ્રી મહાવીરાય નમઃ ||    || જૈનમ્ જયંતિ શાસનમ્ ||



પૂ. આચાર્ય
શ્રી પ્રકાશચંદ્રજી સ્વામી



પૂ. આચાર્ય સમ્રાટ
અજરામરજી સ્વામી

# શ્રી અજરામર નવલ સંસ્કાર ટ્રસ્ટ

સંચાલિત

# ''નવલ ગુરૂકુલ –ઉમરગામ''



**પ્રેરક : પૂ.શ્રી પ્રકાશચંદ્રજી સ્વામી**

(ચેરીટેબલ ટ્રસ્ટ રજી.નં. E/20270 (મુંબઈ))



**ધોરણ ૫ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે**
**માધ્યમઃ ગુજરાતી-ઈંગ્લિશ**
**રહેવા જમવાની સગવડ સાથે પ્રવેશ પત્રો**
**આપવાનું ચાલુ છે**

:: પ્રવેશ ::

**નિઃશુલ્ક દાખલ કરવામાં આવે છે.ધાર્મિક અભ્યાસ ઉપરાંત યોગા, કરાટે, કોમ્પ્યુટર, રમતગમત અને ખાસ ટ્યુશન દ્વારા બધા જ વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર ધ્યાન આપવામાં આવે છે.**

**પ્રવેશ પત્રો નીચે લખેલ ટ્રસ્ટીઓ પાસે પણ મળી શકશે**

| | | | |
|---|---|---|---|
| શ્રી હરખચંદ લાલજી સાવલા | ૯૮૨૧૧૪૮૬૮૬ | શ્રી શીવજી રામજી શાહ | ૯૮૨૦૦૨૫૭૦૦ |
| શ્રી જયંતિલાલ વીરમ રીટા | | શ્રી છબીલદાસ ત્રિકમદાસ શેઠ | ૦૯૪૨૬૨૩૩૨૦૨ |
| શ્રી રામજી ડાયાલાલ ગાલા | ૯૮૩૩૧૦૨૬૪૭ | શ્રી કાંતિલાલ ગાંગજી સત્રા | ૯૮૨૦૪૪૧૧૫૫ |
| શ્રી શાંતીલાલ વીરમ રીટા | ૯૮૨૦૧૨૯૦૮૧ | શ્રી જગશી સામત ગાલા | ૯૮૩૩૧૯૯૯૧૧ |
| શ્રી લખમશી જેઠાલાલ ગાલા | ૯૮૨૦૩૦૭૮૪૮ | શ્રી મણીલાલ જીવરાજ શાહ | ૯૮૬૯૦૮૬૩૬૩ |

**સંપૂર્ણ વિગત ભરેલા પ્રવેશપત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ : 30-૦૫-૨૦૧૬**

**❖ સંપર્ક ❖**

**-ઃ મુંબઈ ઓફિસ ઃ-**
૩૧૦, કૉસમૉસ પ્લેટિનમ,
ગોખલે રોડ (સાઉથ), જખ્ખ દેવી ચોક,
દાદર (વે.), મુંબઈ-૪૦૦ ૦૨૮.
ફોન : ૨૪૩૬૧૭૦૦ / ૧૮૦૦

**-ઃ સ્થાનિક સરનામું ઃ-**
શ્રી વિશા ઓસવાળ શાંતીવન સોસાયટી,
સોલસુંબા, ઉમરગામ (ઈસ્ટ)
દ. ગુજરાત -૩૯૬ ૧૫૫.
ફોન : ૦૨૬૦-૨૫૬૫૨૨૯
મો.: ૦૯૭૬૬૮૯૩૫૭૩



# વ્હાલી દિકરી ને પ્રથમ માસિક તિથીએ પ્રેમાંજલી

## નિર્મળા હીરજી પાંચાલાલ ગડા

ગામ-લાકડીયા
જન્મ :
૦૬.૦૫.૧૯૫૮

જીવન યાત્રા
૫૮ વર્ષ

મુંબઈ-ગ્રાંટરોડ
અરિહંત શરણ
૦૬.૦૪.૨૦૧૬

વેદનાનો વજ્રઘાત એવો લાગ્યો છે કે, પુનમ બની અમાસ હૈયાના હેતનો ભરાયો છે અને આંખો અશ્રુથી બની છે. આકાશ ફોરમ ફેલાવી તારા જીવનમાં અપાર કાળજાને કંપવાનારી વિદાય કેમ લીધી.

દીકરી તો માતા પિતાની આંખની કીકી કહેવાય પણ પેટ જણ્યાની નનામી માતા-પિતા નજર સામે ઉચકાય એ માતા પિતા નું દુર્ભાગ્ય નહી તો બીજુ શું ? ખેર બેટા કુદરતની મરજી આગળ પામર મનુષ્યનું શું ગજુ. વિધીના લખેલા લેખ કોઈ બદલાવી નથી શકતું જનેતાની હયાતીમાં, દીકરી અરિહંત શરણ પામેતો એ વિધીની વક્તા કહેવાય છતા. ઈશ્વર ઈચ્છા બળવાન પરમાત્માને પ્રાર્થના કરીશ બીજો માનવ ભવ બી તૂ મારી કૂખે અવતરે બસ બેટા બીજુ શું કહું તુ સદ્‌ગતિને વરે અને અરિહંત પ્રભૂ તારા આત્માને ચિર શાંતિ આપે... તારી જનેતા

**.... લિ. તારા શોકાતુર ....**

માતા-પિતા : **પાર્વતીબેન ઉગમશી ભીમજી નિસર**

ભાઈ-ભાભી : **હંસા અતુલ ઉગમશી નિસર** | ભત્રીજા-ભત્રીજા વહુ : **અંકિતા હાર્દિક અતુલ નિસર** | ભત્રીજી : **હીર અતુલ નિસર**

---

# વ્હાલી માવડી જેવી બહેનને ત્રતમસાકે શ્રધ્ધાંજલી

આંખો હજી નિહાળે છે તમને અંતર હજી પોકારે છે તમારી સ્મરણ થાય ત્યારે મન મુકાવીને રડાવે છે અમને કલ્પી ન શકાય તેવી તમારી અણધારી વિદાય કાળજું કંપાવી ગઈ. મન હજુ માનતું નથી કે તમો અમારી વચ્ચે નથી શ્રધ્ધાંજલી આપતા હૈયુ રડે છે, શબ્દો લખતા હાથ ધ્રુજે છે, આ જન્મમા સાથ અધૂરો રહ્યો પરંતુ જન્મો જન્મ તમારો પ્રેમાળ સાથ મળે તેવી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ.



**શોકાતુર-બહેનો-જમાઈ પરિવાર**

નાનુબેન હસંરાજ મેઘજી ગડા
ઈન્દુબેન ચુનિલાલ મણશી ગાલા
વર્ષા અમિત હરખચંદ ગડા
હર્ષા પ્રવિણ શામજી ગડા
દક્ષા દીપક બાબુલાલ ફુરીયા
દીપા વિનોદ રણમલ ગાલા
ભાવના મનસુખ ખેતશી ગડા

(A-85752)

# પ્રાર્થના સભા



## સ્વ. જોમાબેન મુરજી થાવર છેડા (ઉ.વ.૮૫)

ગામ : રવ

**અરીહંત શરણ : મંગળવાર તા. ૩-૫-૨૦૧૬**

સ્વ. માતુશ્રી રત્નાબેન થાવર લાધા છેડા પરિવાર (રવ)
સ્વ. માતુશ્રી રત્નાબેન અને પુરીબેન માલશી ભારમલ બૌવા પરિવાર (નૂ.ત્રંબૌ)

સ્મરણો ભીંજવે હૈયું, હૈયું ભીંજવે આંખ,
'બાઈ'હવે તો રહ્યો માત્ર તમારી યાદોનો સંગાથ...

સુપુત્રો : મેઘજી મુરજી છેડા • દિપક મુરજી છેડા
તથા સમસ્ત કુંભાણી અને બૌવા પરિવાર

**પ્રાર્થના : શુક્રવાર તા. ૬-૫-૨૦૧૬**
**સમય : સવારના ૧૦.૩૦ થી ૧૨.૦૦ કલાકે • જાપ : ૧૨.૦૦ થી ૧૨.૩૦**

પ્રાર્થના સ્થળ : કાંતિ વિસરીયા હૉલ, ગાવદેવી મેદાનની બાજુમાં, નૌપાડા, થાણા (વે)

ભક્તિ ગીત : સેજલ શાહ અને સાથી કલાકારો

• ચક્ષુ દાન કરેલ છે •

**લૌકિક વહેવાર બંધ છે**

નિવાસ સ્થાન : મેઘજી મુરજી છેડા, સી/૨૮/૧/૧, નિવારા હા.સો., સાનપાડા (ઇ), નવિ મુંબઇ. મો. : ૯૮૧૯૬૨૪૦૦૪

જ્યોતિ પ્રિન્ટર્સ, થાણા ✆ 9867 641 789 / 2533 0353
T-85681

# વાત્સલ્ય હૃદયી માતુશ્રીને ભાવભરી શ્રધ્ધાંજલી...



## સ્વ. જોમાબેન મુરજી થાવર છેડા (ઉ.વ.૮૫)

(ગામ : ૨વ)

**વસમી વિદાય : તા. ૦૩-૦૫-૨૦૧૬**

જનની અને જન્મભૂમિ છે સદા, સ્વર્ગથી મહાન !
વાત્સલ્યમૂર્તિ, પ્રેરણાદાયી, કુળની શાન !
ઉજડી ગયું અમારૂં ખીલતુ બાગબાન !
ભવ્ય સંસ્કારોનો વારસો, ક્યાં શોધશું તમારા નિશાન ?

**પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ આપી શીઘ્રાતી શીઘ્ર પંચમગતિમાં સ્થાન આપે એજ પરિવારની પ્રાંજલ પ્રાર્થના..**

લિ. સુપુત્રીઓ :
અ.સૌ. મંજુલાબેન ઈશ્વર રાણશી ગાલા પરિવાર (૨વ)
અ.સૌ. હેમલતાબેન ધનજી જેઠુ ગાલા પરિવાર (ખારોઈ)

# શ્રી રવજી લાલજી છાડવા વીશા ઓશવાળ જૈન બોર્ડિંગ ભચાઉ કચ્છ



## પ્રખ્યાત પ્રજ્ઞાચક્ષુ સંગીતકાર શ્રી કાંતીલાલ વિમળશી શાહ

ખુબજ ચપળ અને બુદ્દીશાળી વ્યક્તિત્વ ધરાવતા જૈન કુટુમ્બમાં વિશા વદરમાં જન્મેલા કાંતીભાઈ શાહ નાનપણમાં શિતળા થવાથી આંખો ગુમાવી હતી. તેમના મોટા ભાઈ માટુંગા (મુંબઈ) રહેતા હતા. ત્યાંથી તેમને તારદેવ અંધ શાળામાં શિક્ષણ માટે મુકવામાં આવ્યા હતા. ત્યાં તેમણે અગ્યાર વર્ષ સંગીતના અભ્યાસની તાલીમ લીધી હતી. અને બ્રેલ લીપીમાં લખવામાં તેમણે પારિતોષિક મેળવ્યો હતો.

સંગીતના સાધનોનું તેમણે ખૂબ ઉંડુ જ્ઞાન મેળવ્યું હતું ખાસ **દિલરૂબા** ઉપર પ્રભુત્વ હતો. પોતે કવિ હતા. તેમણે ઘણા જૈન સ્તવનો લખ્યા છે. તેમની કાવ્ય રચનાની પુસ્તિકા ''સરીતા તરંગ'' અને શ્રી ''કલ્યાણ સ્તવનાવલિ'' પ્રખ્યાત હતી.

તેમની હોશીયાંરીના કારણે ભાવનગર અંધશાળામાં તેમને શિક્ષકની નોકરી મળી હતી. પણ ભાવનગરના મહારાજા શ્રી કષ્ણ કુમારજીની ખાસ ભલામણથી કચ્છી જૈન સમાજના સુધારક વાદી સંત, સમાજ સેવક મુનિ શ્રી કલ્યાણચંદ્રજી બાપાએ તેમને સોનગઢ જૈન આશ્રમમાં પાતાના વિધાર્થીઓને સંગીત શિખવવા બોલાવી લીધા હતા. ત્યાં તેમણે જીંદગીના ઘણા વર્ષો વિતાવ્યા હતા.

તેમના ગુરૂ પદ નીચે લગભગ ૮૦૦ બાળકોએ સંગીતની તાલીમ લીધી હતી. તબલા, હારમોનિમ, મેંડોલીયમ, સિતાર, ગિટાર, વાયોલીયન, દિલરૂબા એવા તો કેટલાય સાધનોમાં તેમને પારંગત કર્યા હતા. તેઓ પોતે **દિલરૂબામાં** માસ્ટર હતા. મુંબઈથી સોનગઢની સફરનો કાર્યક્રમ તેઓ આપતા તેમાં ટ્રેનની મુસાફરીનો કાર્યક્રમ તેઓ આપતા તેમાં ટ્રેનની મુસાફરી રસ્તામાં ફેરીયાઓના માલ વિક્રીનો આવાજ, પ્લેટફોર્મ પરની અવર જવર, રસ્તામાં આવતા જતા સ્ટેશનોની હારમાળા તથા ઉપડતી ગાડીની વિશલ એટલું સરસ રીતે રજૂ કરતા જાણે આપણે ગાડીમાં બેઠા છીએ.

તેમના એક શિષ્ય અને મહાન રીડીઓ કલાકાર પ્રજ્ઞાચક્ષુ નાનજીભાઈ મિસ્ત્રી વાયોલીયના માસ્ટર હતાં. તેમને ભારત સરકાર તરફથી ગોલ્ડ મેડલ મળેલ હતું. તેમની સાથે કાંતીભાઈ એ સોનગઢમાં સ્ટેશનની સામે ભારતમાં પહેલી મહિલા અંધ શાળાની સ્થાપના કરેલી તેમાં આઠ પ્રજ્ઞાચક્ષુ બહેનો હતી. જેનો હું નજરે સાક્ષી છું.

સોનગઢ ગુરૂકુલ હાઈસ્કૂલના કર્તાહર્તા કિરીટસંહિજી, ગુરૂજી સાથે તેમને ખુબ દોસ્તાના નાતો હતો. તેઓ અવાર નવાર કાંતીભાઈને પાતાને ત્યાં બોલવતા અને મહિલા અંધશાળા માટે તેમણે ખૂબ મદદ કરી હતી.

તેઓ ખૂબ ખેલદિલ સ્વભાવના હતા. વિધાર્થીઓ સાથે તેમના સુખદુ:ખના ભાગીદાર હતા. તેમને છીકણી સુંગવાની ખૂબ આદત હતી.

૧૯૫૭ માં નાગીન પિક્ચરમાં ફ્લોરીટોન બિનની ધુમ સફળતા પછી પ્રખ્યાત સંગીતકાર કલ્યાણજી વિરજી શાહ સોનગઢની સફરે બાપાના આશિર્વાદ લેવા આવ્યા ત્યારે કાંતીભાઈની દિલરૂબાના પ્રોગ્રામથી એવા અંજાઈ ગયા કે તેમણે પોતાના ગળામાંથી સોનાનો હાર કાઢી તેમને પહેરાવ્યો હતો.

તેમના ચાહકોમાં ભાવનગરના મહારાજા, પાલીતાણાના ઠાકોર સાહેબ, નવાનગરના જામ સાહેબ, જેવા રાજાઓ તથા શિવજીભાઈ મઢડાવાળા, કચ્છી કવિ દુલેરાય કારાણી, લેખક જય ભિખ્ખુ, કવિ નાનાલાલ તેમજ અન્ય ગણમાન્ય વ્યક્તિઓએ તેમના સંગીતની મોજ માણી હતી.

મુનિ સંતબાલજીએ અમેરિકાની પ્રખ્યાત પ્રજ્ઞાચક્ષુ, મહાન ફિલોસોફર હેલન કિલર ભારત આવેલ ત્યારે ખાસ કાંતીભાઈને મુંબઈ મળવા બોલાવ્યા હતા.

તેઓ રોજ સવારે ૫ વાગે મુનિ ગુલાબચંદ્રજી સાથે દેરાસરમાં ભાવના કરતા સોનગઢમાં વાર તહેવારે જૈન મંદિરમાં પુજાઓ ભણાવતા, તેમના સમયમાં સોનગઢ આશ્રમનું સંગીત ખૂબજ વખણાતું, તેમના ઘણા વિધાર્થીઓ સંગીતકાર બન્યા છે. તેમાંના હિરાલાલ દંડ તો સંગીત શિક્ષક થયેલા.

અંધ હોવા છતાં. કવિ હોવાથી પ્રકૃતીના પેટભરી વખાણ કરતા તેઓ ઉમદા વ્યક્તિત્વ ધરાવતા સજ્જન વ્યક્તિ હતા. મારે તેમની સાથે ૧૯૬૮ થી ૧૯૭૨ સુધી રહેવાનો તથા સેવા કરવાનો મોકો મળેલ હતો.

જ્યોત જલાવી સંગીત તણી **પ્રજ્ઞાચક્ષુ** કાંતિલાલ છે
અંતર ચક્ષુ માં ચેતન વંતા **દિલરૂબા** માં કમાલ છે.



**પ્રેરક ભીખુભાઈ રામજી હરખચંદ નિસર**

ગામ લાકડીયા (કચ્છ-વાગડ)

**મો.નં. : 9820732903**

નેત્રજ્યોતિ

(M-13900)

# શ્રી વાગડ નિસર પરિવાર ની પહેડી

## કુળદેવી મોમાય માઁની ભવ્ય પહેડી ...

અવસર છે મોમાય માઁ નો, આનંદ છે ઉમંગનો, અવસર છે નિસર પરિવારમાં પહેડીની ખુશાલીનો...






**માતુશ્રી વિમળાબેન આસધીર રતનશી નિસર - આધોઈ**

| | | | | |
|---|---|---|---|---|
| માતાજીની પધરામણી<br>સાંજે ૪.૩૦ કલાકે | માતાજીની સ્થાપના<br>સાંજે ૫.૦૦ કલાકે | આરતી અને થાળ<br>સાંજે ૭.૦૦ કલાકે | રાસ - ગરબા રમઝટ<br>ટીના છેડા ના સથવારે | પ્રસાદરૂપી જમણવાર<br>સાંજે ૫.૦૦ થી ૧૦.૦૦ |

સહર્ષ ખુશી સાથે જણાવવાનું કે આપણા શ્રી વાગડ નિસર પરિવારનાં કુળદેવી શ્રી મોમાય માતાજીની પહેડીનું આયોજન કરેલ છે, આ વર્ષનાં પહેડીનો લાભ અમારા પરિવાર આધોઈના માતુશ્રી વિમળાબેન આસધીર રતનશી નિસર હસ્તે શ્રીમતી ચૈતાલીબેન રાજેશ આસધીર નિસર ને મળેલ છે, તો આપણા પરિવારના ગોઠીયા તથા ગોઠીયાણી તેમજ નિયાણી બહેનો તથા આમંત્રીત મહેમાનો ને સમયસર માતાજીનો પ્રસાદ લેવા પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ...



*રૂમઝુમ કરતાં આવો માવડી, તમારા ભક્તો પોકારે...*
*કુમ-કુમ પગલે દર્શન દેવા પધારો માઁ,*
*તમારા બાલુડા પોકારે...*
*હે...! મોમાય માઁ ભજીએ તમને, મોટું છે તુજ નામ,*
*ગુણ તમારા નિત્ય ગાઈએ થાય બધાના કામ...*

**દિવ્ય આશિષ : સ્વ.ટીના આસધીર નિસર**





**શ્રીમતી ચૈતાલીબેન રાજેશ આસધીર નિસર**

**પુત્ર : સ્મિત અને પુત્ર : હેનિલ**

**શુભ સ્થળ: અંધેરી સ્પૉર્ટસ્ કોમ્પલેક્ષ, અંધેરી (વેસ્ટ)**

**શુભ દિવસ: તા.૦૮-૦૫-૨૦૧૬, રવિવાર** | **શુભ સમય: સાંજે ૪.૦૦ થી ૧૦.૦૦**

UMRB
United Marketing & Research Bureau

**: મંડપ ડેકોરેશન ના દાતાશ્રી :**
**શ્રીમાન ધર્મેશ કાંતીલાલ નિસર (ગામ-ખારોઈ)**

UMRB
United Marketing & Research Bureau

**લિ. માતુશ્રી વિમળાબેન આસધીર રતનશી નિસર પરિવાર**
**ગામ : આધોઈ - બોરીવલી**

JBR HOUSING™ PVT. LTD.

(M-13773)

## શ્રી વાગડ ગ્રેજ્યુએટ્સ એસોસિએશન (SVGA)

એ-૦૦૧, ગુલમોહર સોસાયટી, ગ્રાઉન્ડ ફ્લોર, પી. એલ. કાલે ગુરૂજી માર્ગ, દાદર-વેસ્ટ, મુંબઇ-૪૦૦ ૦૨૮.
ફોન : ૨૪૩૨૭૮૪૨, મો. : ૯૦૨૨૩૧૩૩૮૨ E-mail : svgaindia@gmail.com Website : www.svgaindia.org

### વિદેશમાં ભણવા જતા વિદ્યાર્થીઓને લાગુ પડતા જુદા જુદા કાયદાઓની સમજણ આપવા માટે નિઃશુલ્ક હિન્દી અને અંગ્રેજીમાં સેમિનાર

ફોરનમાં પોસ્ટ ગ્રેજ્યુએશન માટે જતા આપણા વિદ્યાર્થીઓને ભારતમાંના ફોરેન એક્ચેન્જ તથા ઇન્કમટેક્ષના કયા કાયદાઓ ધ્યાનમાં લેવા જોઇએ તથા વિદેશમાના કાયદાઓ જેમકે FATCA તથા DATT વગેરે શું છે તે જાણવું વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે જરૂરી છે.

તે માટે કચ્છની આપણી બે સંસ્થાઓ શેઠ ધનજી દેવશી કેળવણી ફંડ અને સી.વી.ઓ.સી.એ એસોસીએશને એક નિઃશુલ્ક સેમિનાર યોજેલ છે. રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

**તારીખ-વાર : શનિવાર, ૭-૫-૨૦૧૬, બપોરે ૩ થી ૭**
**સ્થળ : નપુ હોલ, માટુંગા (સે.રે.)**
**વકતા : સી.એ. મનોજ શાહ - સી.એ. ટી.પી. ઓસવાળ**
**રજીસ્ટ્રેશન : ૯૧૬૭૯૯૬૩૬૭ અને ૨૪૧૦૫૯૮૭**

નોંધ : ફોરેન ગયેલ અથવા જવા ઇચ્છુક વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓ પણ આનો લાભ લઇ શકે છે.

લિ.: શ્રી વાગડ ગ્રેજ્યુ. એસો. (SVGA) વતી
માનદ્ મંત્રીઓ : શ્રીમતી કલ્પના ગીંદરા
C.A. શાંતિલાલ ગાલા, શ્રી જીતેન્દ્ર કારીયા

(M-13909)



## શ્રી મનફરા પાંજરાપોળ



### ઉદાર દાન બદલ અભિનંદન...

**૫૦,૦૦૦/- શ્રી સમસ્ત વાગડ કુરીયા મંડળ-મુંબઇ તરફથી સંસ્થાને ઉદારદાન મળેલ છે બદલ કુરીયા મંડળને અભિનંદન અને દાનની અનુમોદના.**

સંસ્થાના અબોલ પશુઓ આ દાન બદલ મંડળ ઉપર અંતરથી આશીર્વાદ અને દુવા પાઠવે છે. ભવિષ્યમાં આ મંડળ ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે એવી ભાવના વ્યક્ત કરે છે.

મંડળ ભવિષ્યમાં મનફરા પાંજરાપોળ ઉપર એવી જ કૃપા દૃષ્ટિ વરસાવે અને વધુ સાથ અને સહકારની અપેક્ષા રાખે છે.

"જે ઘરમાં પશુ સેવા થાય છે ત્યાં અકાળે મૃત્યું થતું નથી"

લિ. મંત્રીઓ

**પત્રિકા સૌજન્ય :**
**દિપ્તી બિલ્ડર્સ યુનિવર્સલ પ્રા.લી.**
**(દાદર-મુંબઇ)**

(J-86142)

# શ્રી કકરવા સ્થાનકવાસી જૈન સંઘ



## કકરવે મેં સમુહ વરસીતપ ? વાહ... વાહ...



### અરે... કેસર-મણી-જવેર-અમૃત તાકે ખબર અચ!

અજ પત્રિકામેં વાંચ્યો પાણે કકરવે મેં સમૂહ વરસીતપ થીયેવારા અચ, ખાલી કકરવેચા જ અને હંસા–ચાંપુ! પારણા માદરે વતનમેં જ થીના. નવલ–શાંતુ! પત્રિકા વાંચે ને મોકે તો મન થેવ્યો.

લક્ષ્મી! પાણે વરસી તપ તો ઘણા કર્યા હુના–૩૧૦૦ સમૂહ વરસી તપમેં, લીંબડી પુણ્યોત્સવ મેં અને મીણા! એકલા પણ કર્યો.

હી તો ખાલી કકરવે ગામ યા માડુ માટે, તો ચંદ્રીકા! પાણે પણ જોડાય વનો. નિર્મળા! ઘરઘરમાંથી હકડો જણ કરે તો ૧૦૦ વરસી તપ થે વને, અને કકરવેચો નામ આખી વાગડ મે થે વને. મીઠી–ભમી–જયા! માદરે વતનમેં પારણું કરેઇ મજા અચે. ગામ યા માડુ કકરવા યુવક મંડળ–રસલીયારો ગ્રુપ, રંગીલો ગ્રુપ, સગાવહાલા, સાજન–માજન સાથે પોતે વતનમે, બ્યે કતે નઇ જશી–વીશા!

હેડો તો પેલીવાર થીનો. કેરે સાંભળ્યો નાય.

જમણા–ગોમા! અરે ડાઇ! આચાર્ય ભગવંત ભાવચન્દ્રજી સ્વામીયા ઘણા ઘણા આશીર્વાદ અને કૃપા અચ. જે વરસી તપ ચાલુ કરના અનઇ ભાવના જરૂર પૂરીથીની. મંજુ! તો પાણે ચાલુ કરો અને કકરવેચા ભાઇ–બહેનો જરૂર વરસી તપ ચાલુ કરે. હેડો અવસર ફરે ફરે ને નહિં અચે.

કંચન–દિવાળી! તોથી ન થીએ તો તોઇ વઉ કે પોતરા–પોતરી કે તૈયાર કરજે પણ ઘરમેં હકડો વરસી તપ ખપે–પાણે સેવા કરના.

મીના–ચંદ્રિકા કો બરાબર અચને!

કસ્તુર ! ભલે તેરે જલ્દી ભેગા થીયું તા. ૯ અખાત્રીજ યો, પુષ્પા–પ્રીતી! પૂ. ગુરૂદેવ શ્રી વિમલચંદ્રજી સ્વામી કને, સમુહ મેં ઉપવાસ યા પચ્ચક્ખાણ ગનો

નો વગે પચ્ચક્ખાણ યો ટાઇમ અચ, ભૂલે ન વનજે.

જય જિનેન્દ્ર

**લિ. મહિલા મંડળ**

(D-85575)



અજરામર તીર્થધામ



પૂ. આચાર્ય રૂપચંદ્રજી સ્વામી



પૂ. ગીતાર્થ નવલ ગુરૂદેવ



પૂ. તપસ્વી રામચંદ્રજી સ્વામી



પૂ.આચાર્ય પ્રકાશચંદ્રજી સ્વામી

# લીંબડી અજરામર સંપ્રદાય કાર્યવાહક સમિતિના પરમ સદ્ભાગ્યે પૂ. બહુશ્રુત ગીતાર્થ આચાર્ય સમાન ગુરૂદેવ શ્રી નવલચંદ્રજી સ્વામીની જન્મ શતાબ્દી અંતર્ગત સમૂહ સામાયિક, શિશુ સંસ્કાર શિબિર, યુવા સંસ્કાર શિબિર, સામૂહિક વર્ષીતપ, નવલ જ્ઞાન સંસ્કાર અભિયાન, નવલ પંચાચાર પાલન અભિયાન આદિ કાર્યક્રમોનું ભવ્ય આયોજન

લીંબડી અજરામર સંપ્રદાયના મહાન જ્યોતિર્ધર પૂ. આચાર્ય ભગવંત શ્રી રૂપ-નવલ-રામ-ગુરૂદેવના કૃપાપાત્ર સુશિષ્ય પૂ. નૂતન આચાર્ય ભગવંત શ્રી પ્રકાશચંદ્રજી સ્વામી આદિ ઠાણાઓ માતુશ્રી મોંઘીબહેન સામત સાંગણ ગાલા જૈન ધર્મસ્થાનક-નાલાસોપારા (વેસ્ટ) પાનબાઇ નગરમાં શેષ કાળનો લાભ આપી ચાતુર્માસ જેવો માહોલ જમાવી દીધો હતો.

૫૪ ઓળી, ૩૩ વર્ષીતપ, નવ લાખ નવકાર જાપ, વિશાળ પ્રશ્ન મંચ, સમૂહ જાપ, પાટલા જાપ આદિ આરાધના કરાવી, છ દિવસ વિરાર (વેસ્ટ) માં પધાર્યા હતા ત્યાં પણ પર્યુષણ જેવો માહોલ જામ્યો હતો. નિયમિત વ્યાખ્યાન, ત્રિરંગી સામાયિક, વર્ષીતપની સાંજી આદિ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા ખૂબ સારી અનુમોદના થયેલ...

શ્રી અજરામર સ્થાનકવાસી જૈન સંઘ-વાગડ નગર, મીરા રોડ (ઈસ્ટ) સંચાલિત માતુશ્રી કેશર બહેન ભવાનજી ખીમજી દેઢિયા (પ્રાગપુરવાલા) જૈન સ્થાનકમાં તા. ૧૪-૧૫ મે, શનિ-રવિ બે દિવસ પધારશેત્યાં રવિવાર, તા. ૧૫-૦૫-૨૦૧૬ના સવારે ૯.૦૦ થી ૧૧.૩૦ સમૂહ સામાયિકની આરાધના રાખેલ છે. તથા કાર્યક્રમના અંતે ગૌતમ પ્રસાદ શ્રી પારસભાઇ જૈન તરફથી રાખવામાં આવેલ છે. પૂ. ગુરૂદેવ આચાર્ય પદવી પછી પ્રથમવાર પધારતા હોઇ પૂ. શ્રીનું અભિવાદન મીરારોડના ધારાસભ્ય શ્રી નરેન્દ્રભાઇ મેહતા તથા મીરા-ભાયંદરના મેયર શ્રીમતી ગીતાબહેન જૈન આદિ મહાનુભાવોના વરદ્ હસ્તે થશે, સર્વેને પધારવા વિનંતી.

પૂ. આચાર્ય ભગવંત આદિ ઠાણાઓ તા. ૧૬-૫, સોમવારના દહીંસર (શિવ શક્તિ) એક દિવસ સ્થિરતા કરીને તા. ૧૭-૧૮, મંગળ-બુધ બે દિવસ શ્રી શ્રી અજરામર સ્થા. જૈન સંઘ-મલાડ (વેસ્ટ) ભમીબાઇ મેન્શનમાં પધારશે ત્યાં પણ તા. ૧૮ના સમૂહ સામાયિક તથા પૂ. ગુરૂ ભગવંતનું પછેડી ઓઢાડી અભિવાદન રાખેલ છે.

તા. ૧૯-૨૦-૦૫-૨૦૧૬ ગુરુ-શુક્ર બે દિવસ શ્રી અજરામર સ્થા. જૈન સંઘ સંચાલિત માતુશ્રી મોંઘીબહેન સામત સાંગણ ગાલા જૈન સ્થાનક, ગોરેગામ, એમ.જી. રોડ પધારશે ત્યાં તા. ૨૦-૦૫-૨૦૧૬ શુક્રવરે વિદ્યાભિલાષી સાધ્વી શ્રી ઐશ્વર્યાકુમારીજી (પૂ. આગમ મુનિના ભાણેજી) તથા નવદીક્ષિતા યશસ્કૃતિજીના ફઇબાના દીકરી બહેન) ૪૦ દિવસના ''ધર્મચક્ર તપ''નું પારણું પૂ. આચાર્ય ભગવંતની નિશ્રામાં કરશે તથા તા. ૨૦-૦૫-૨૦૧૬ શુક્રવારે સવારે ૮.૦૦ થી ૧૦.૩૦ આવી ઉગ્ર તપસ્યા નિમિત્તે સમૂહ સામાયિકનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૨૧-૦૫-૨૦૧૬ શુક્રવારે મલાડ (ઇ) બાળકોની શિબિર નિમિત્તે પધારશે.

મલાડ (ઇ)માં શ્રીમતી દેવઇબહેન જીવણ ભાણજી શાહ ધર્મસ્થાનકમાં આઠ દિવસની સ્થિરતા છે ત્યાં તા. ૨૩ થી ૨૭ મે સુધી શિશુ સંસ્કાર શિબિર રાખવામાં આવેલ છે, જેમાં બૃહદ મુંબઇના અન્ય એરિયાના માત્ર છોકરાઓ (ઉં.: ૧૨ થી ૨૧ વર્ષ) સુધીના લાભ લઇ શકશે. મલાડના છોકરા-છોકરીઓ બધા જ લાભ લઇ શકશે. આ બધો લાભ શ્રી મલાડ (ઇ) સ્થા. જૈન સંઘે લીધો છે.

- પૂ. નવલ ગુરૂદેવની જન્મ શતાબ્દી નિમિત્તે વિરાર નવલ જ્ઞાન સંસ્કાર અભિયાનમાં ૨૦૦૦/બે હજારથી વધારે જ્ઞાનાર્થીઓ જોડાયા છે તેઓ સર્વેની સમૂહ પરીક્ષા, તા. ૨૬-૦૬-૨૦૧૬, રવિવારે મુંબઇ, ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છના વિવિધ સેન્ટરોમાં યોજાશે.
- નવલ પંચાચાર પાલનમાં પણ સેંકડો ભાવિકો જોડાઈ રહ્યા છે. ઘર ઘરમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ તથા વીર્યાચારની ચર્ચાઓ ચાલી રહી છે.

પૂ. મહા પ્રભાવશાળી નવલ ગુરૂદેવની જન્મ શતાબ્દિ નિમિત્તે ૪૦ જેટલા સાધુ-સાધ્વીજી તથા ૩૦૦ થી વધારે શ્રાવક-શ્રાવિકા; આમ ચતુર્વિધ સંઘના મળીને ૩૫૦ થી વધારે વર્ષીતપ ચાલી રહ્યા છે તેઓ સર્વેની હાર્દિક અનુમોદના.

આમ પૂ. નવલ ગુરૂદેવની જન્મ શતાબ્દી ખૂબજ સારી રીતે ઉજવાઇ રહી છે.

અખાત્રીજના વર્ષીતપની આરાધનામાં જોડાવા સર્વેને નમ્ર વિનંતી...

**લિ. લીંબડી અજરામર સંપ્રદાય કાર્યવાહક સમિતિના જય જિનેન્દ્ર...**

**પ્રમુખ : શ્રી ચિમનલાલ રામજી સાવલા આદિ સર્વે પદાધિકારીઓ તથા કારોબારી સભ્યો.**

(J-86137)

formerly ૐ

## Akshaya Trithiya Offer

– Upto 22nd May –







Jewels & family bonds live forever...

L.T. Road, Borivali (W) T : 6158 7000
RRT Road, Mulund (W) T : 6158 7001

OM JEWELLERS

www.omjewellers.com
omjewellers_india

*conditions apply

(M-13896)

## ન્યુરોથેરેપી (દવાઓ વગર રોગને મટાડવા)

શ્રી અંધેરી વાગડ વિશા ઓસવાળ જૈન મેડિકલ સેન્ટરમાં ન્યુરોથેરેપી (દવાઓ વગર રોગને મટાડવા)નું નવો વિભાગ શરૂ કરવામાં આવી રહ્યો છે. ન્યુરોથેરેપી આ એક વૈજ્ઞાનિક સારવાર પધ્ધતિ છે. આ થેરેપીમાં શરીરના દરેક અંગ અને નસોના કાર્યોનો અભ્યાસ કરી પછી નસોની ગ્રંથીઓ ઉપર દબાણ આપીને શરીરના અવયવોને ઠીક કરીને શરીરમાં રહેલા ઘણા બધા રોગોને દૂર કરી શકાય છે.

**આ વિભાગ ટાઈમ : સોમવાર થી શનિવાર**
**બપોરના ૨ થી ૪.૩૦ વાગ્યા સુધીનો રહેશે.**

આ થેરેપીની સમજણ માટે આ રવિવારે ૮ તારીખે સેન્ટરમાં ફ્રી કેમ્પ (વિનામુલ્ય) રાખવામાં આવેલ છે. વહેલો તે પહેલોના ધોરણે ફક્ત ૫૦ જણનું રજીસ્ટ્રેશન સેન્ટરના નંબર ઉપર **ગુરૂવારે ૫મી તારીખે, સવારના ૧૧ થી ૩ની વચ્ચે ૨૬૭૯૨૮૧૩/૨૬૭૯૨૮૧૪** ફોન નંબર ઉપર રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

**ફ્રી કેમ્પનો સમય અને વાર તારીખ**
**૮ મે રવિવાર ૯.૧૫ થી ૧૦.૧૫**

ખૂબ જ સારા ન્યુરોથેરાપીસ્ટ દ્વારા વ્યક્તવ્ય અને પછી જેમને જરૂર હશે તેવા ૧૦ વ્યક્તિઓ ઉપર પ્રેક્ટીકલ ટ્રીટમેન્ટ.

**એડ્રેસ :** ૧૦૧/૧૦૨, સોનલ કલાસીક બિલ્ડીંગ, ભરડાવાડી રોડ, અંધેરી-વેસ્ટ.

લિ. ટ્રસ્ટીઓ

(J-86103)

## અત્યાધુનિક યુગના “શ્રવણ” ચેતન મોતા સંગાથે




જુન - 3, 12, 21, 30
જુલાઇ - 9, 18, 27
ઓગસ્ટ - 5, 14, 23

**સ્થળ : કોચીન, મૂન્નાર, ઠેક્કડી, કુમારકમ, ક્વાલમ, કન્યાકુમારી**

આબાદ ગ્રુપની ૪ સ્ટાર હોટલો | આપણુ સ્વતંત્ર રસોડું | ગેરેંટેડ પ્રસ્થાનો
બધું જ સામેલ | AC હાયટેક બસ | ૪૦ મેમ્બરનું નાનુ ગ્રુપ

## શ્રી સમેતશીખરજી મહાયાત્રા

**સપ્ટેમ્બરથી માર્ચ દર શનિવાર**

દિ. ૭, ૮, ૯, ૧૦
By Air / Train

ઈકોનોમીકલ
ડીલક્સ
સુપર ડીલક્સ

દિવાલી તથા નાતાલ વેકેશનના વિશેષ પ્રસ્થાન
તા. ૨૫ ઓક્ટોબર થી ૫ નવેમ્બર દરરોજ
તા. ૨૦ થી ૨૫ ડીસેમ્બર દરરોજ

**બારેમાસ**
**દુબઈ**
દિ. ૫, ૬, ૭ (બધુ જ સામેલ)
માત્ર રૂા. ૪૯૯૯૯/- થી

**દિપાવલી વેકેશન સ્પેશ્યલ**
**આંદામાન-નિકોબાર**
(૬ રાત્રિ ૭ દિવસ) ડાયરેક્ટ ફ્લાઈટ
ઓક્ટોબર : ૨૩, ૨૬, ૨૯ નવેમ્બર : ૧, ૪

Bubble gum TOURS & TRAVELS

Bhavesh : 91679 94541 | Mina : 9167994542
Mayuri : 9167994543 | Bhomick : 9167994544
Tel. 2593 4545 | www.bubblegumtours.com
Email : info@bubblegumtours.com

(T-85669)

BINITA SATISH MARU : 98690 34162

SVGA ONE UP KENORITA SVGA ONE UP KENORITA SVGA ONE UP KENORITA SVGA ONE UP KENORITA SVGA ONE UP

# શ્રી વાગડ ગ્રેજ્યુએટ્સ એસોસિએશન (SVGA)

oneup
furnishing dream-house

એ-૦૦૧, ગુલમોહર સોસાયટી, ગ્રાઉન્ડ ફ્લોર,
પી. એલ. કાલે ગુરૂજી માર્ગ,
દાદર-વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૮.

ફોન : ૨૪૩૨૭૮૪૨, મો. : ૭૪૯૮૮૧૮૪૧૮
E-mail : svgaindia@gmail.com
Website : www.svgaindia.org

SVGA સંચાલિત માતુશ્રી પુંજીબેન હરધોર ભચુભાઈ કારીઆ (સુવઈ) અને
માતુશ્રી રામુબેન ભચુભાઈ ભીમા રીટા (લાકડીયા)

## વન અપ – કેનોરીટા કાઉન્સેલીંગ સેન્ટરના ઉપક્રમે

## એપ્ટીટયુડ ટેસ્ટ અને વ્યક્તિગત કાઉન્સેલીંગ

**રુચિ + ક્ષમતા + પર્સનાલીટી = સફળતા**

CA કરુ કે બિઝનેસમાં જોડાઉ??
સાયન્ટીસ્ટ થાઉં કે MBA કરું??
એન્જીનીયર+ટીચર કે ડાન્સર??
મારૂં કરિઅર કઈ રીતે નક્કી કરૂં ??




જે મને ગમે છે + મારી આવડત છે = ખુશી છે પણ પૈસા નથી.
મારી આવડત છે + આવક વધુ છે = પૈસો છે પણ કંટાળી જાઉં છું.
જે મને ગમે છે + આવક વધુ છે = એક સ્વપ્ન છે.
જે મને ગમે છે + મારી આવડત છે + આવક વધુ છે. = Success

**Interest + Ability + Personality = Success**

**વિદ્યાર્થીની રુચિ, ક્ષમતા અને પર્સનાલિટી જાણવાની વૈજ્ઞાનિક પધ્ધતિ એટલે એપ્ટીટયુડ ટેસ્ટ**

આ ટેસ્ટના રીઝલ્ટના આધારે અનુભવી કાઉન્સેલર વિદ્યાર્થીઓને યોગ્ય કોર્સની સલાહ આપે છે. SVGA દ્વારા ૧૦,૧૨ તથા ICSE ૮ માં ધોરણની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે Aptitude Test and Personal Counselling નું આયોજન કરવામાં આવ્યું છે. ખુબ જ નામાંકિત ફર્મ YOUNG BUZZ દ્વારા Aptitude Test and Counselling લેવામાં આવશે.

**શનિવાર, તા. ૭ મે ૨૦૧૬, બપોર ૧ થી ૫ (દાદર માં)**
સ્થળ : શારદાશ્રમ હાઈસ્કુલ, ભવાની શંકર રોડ, દાદર (વેસ્ટ) મુંબઈ - ૨૮

**શનિવાર, તા. ૧૪ મે ૨૦૧૬, સવારે ૯ થી ૧ (થાણા માં)**
સ્થળ : ૧૯ નં. મ્યુનિસિપલ સ્કુલ, વિષ્ણુનગર, નૌપાડા, થાણા (વેસ્ટ)

**શ્રી વાગડ વિશા ઓશવાળ સમાજ થાણા** ના સાથ સહકાર થી થાણા સેન્ટર માટે પ્રથમ વાર SVGA દ્વારા Aptitude Test and Counselling નું આયોજન કરવામાં આવેલ છે.

**રજીસ્ટ્રેશન ફી : રૂા. ૨૦૦/– માત્ર** (પ્રાયવેટમાં આ ટેસ્ટની ફીસ ૨૦૦૦/- રૂા. થાય છે.)

### દાદર સેંટર ના રજીસ્ટ્રેશન માટે સંપર્ક

| | | | |
|---|---|---|---|
| ફોર્ટ | : પેસિફીક પેપર - 2261 4008 | અંધેરી (ઈસ્ટ) | : CA નવીન નિસર - 2683 6225 |
| ગ્રાન્ટરોડ (ઈસ્ટ) | : સિલેક્શન્સ સેન્ટર - 2388 9874 | મલાડ (ઈસ્ટ) | : Dr. ગિરધન ગડા - 2883 8176 |
| દાદર (વેસ્ટ) SVGA ઓફીસ | : 24327842 /7498818418 | બોરીવલી (વેસ્ટ) | : CA નીતિન ગડા - 2807 1976 |
| પાર્લા (વેસ્ટ) | : Dr. ઉમેશ નિસર - 6452 4197 | ઘાટકોપર (વેસ્ટ) | : CA શાંતિલાલ સતરા : 2514 9128 |

### થાણા સેંટર ના રજીસ્ટ્રેશન માટે સંપર્ક

સતીશ ગીંદરા - 9821010054    CA ચેતન છાડવા - 25339700

**: વધુ વિગત માટે સંપર્ક :**

SVGA ની ઑફીસ ફોન : 24327842, મો. : 7498818418

**સમય : ૧૧ થી ૫ (સોમવાર બંધ)**

**: અન્ય વિગત માટે સંપર્ક :**

ડૉ. ગીરધન પોપટલાલ ગડા (ચેરમેન) - 9820450771
શ્રીમતી કલ્પનાબેન જયેશ ગીંદરા (કન્વીનર) - 9821481247
શ્રી કુણાલ વેલજી ફરીયા (કો. કન્વીનર) - 9867027644

વ્યક્તિગત કાઉન્સેલીંગ માટે ટેસ્ટનું રિઝલ્ટ આવતા જ વિદ્યાર્થીઓને ફોન કરીને જાણ કરવામાં આવશે.
કાઉન્સેલીંગ વખતે વાલીઓએ ફરજીયાત વિદ્યાર્થી સાથે આવવાનું રહેશે એની ખાસ નોંધ લેશોજી.

SMS ALERT: SVGA ના આગામી પ્રોગ્રામની લેટેસ્ટ માહિતી માટે ૦૨૨ -૬૨૧૧૬૫૯૨ આ નંબર પર મીસ્ડ કૉલ આપી તમારો મોબાઈલ નં. રજીસ્ટર કરાવીને મેળવી શકો છો.

**લિ. વન અપ - કેનોરીટા કાઉન્સેલીંગ સેન્ટર કમીટી**

(M-13908)

KENORITA SVGA ONE UP KENORITA SVGA ONE UP KENORITA SVGA ONE UP ONE UP SVGA KENORITA ONE UP SVGA

RNI NO. MAHGUJ/2006-17870


# મેકોય એર કુલર

# McCoy

A Promise of Happiness




**Authorised Dealers :** Gala & Sons Malad: 9820779679, Shree Marketing Ghatkopar: 8082722031, Sona Sales Bhandup: 25940281, Prakash Agencies Turbha: 9820623345, Meenakshi Marketing Kalyan: 0251-2200234, Prathmesh Distributors Kalyan: 9820070985, Aura Enterprises Dombivali: 9819412167, Seema Traders Bhyander: 28188739, Dhanani & Dhanani Palghar: 9890124700, Everlucky Trading Co Ghatkopar: 25117862, Bombay Radio Traders Ulhasnagar: 0251-2732810, Kirtan Electronics Kanjurmarg: 9321595029, Videotron Electronics Ulhasnagar: 0251-2569365, Khandelwal Traders Kalyan: 0251-2313411, Prakash Distributors CP Tank: 23857923, Available in all Showrooms of Snehanjali Pvt Ltd & Kohinoor Televideo Pvt. Ltd. Also Available At croma

* Any Trade Enquiry, Please Contact: Mr. Jagdish Joshi : 9821546465

* Products & Service Available in Kutch & Gujarat too.

**Toll Free No. 1800 22 0276**

Customer Care 022 65320276 / 022 28510276
customercare@mccoyindia.in

**www.mccoyindia.in**

Join us @ McCoy Appliances

(A-85702)


Printed and Published by **CHAMPSHI DEVSHI SHAH** (The Printer and Publisher) for **SHRI WAGAD VISHA OSWAL CHOVISI MAHAJAN CHARITABLE TRUST** (The owner), printed at **JAYANT PRINTERY** 352/54, J.S.S. Road, Murlidhar Mandir Compound, Near Thakurdwar Post Office, Mumbai - 400 002. Ph.: 4366 7171 and Published at **Shri WAGAD VISHA OSWAL CHOVISI MAHAJAN** Office : Shree Parimal II, 103, 1st Floor, Daftary Road, Malad (E.), Mumbai - 400 097. Ph.: 2881 4346, 2882 4346, Fax: 2888 4346. Editor : **LAXMICHAND POPATLAL CHARLA**